R.N.I. No. MAHBIL/2020/79181

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

CDO PRAKASH SAMIKSHA

(Gujarati & English Bilingual) FORTNIGHTLY

Since 1924...

સળંગ વર્ષ ૧૦૧મું

VOLUME : 05 • ISSUE : 21 • PAGES : 36 • MUMBAI • DATE : 5TH SEPTEMBER 2025

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-

## પાંચમી પુણ્યતિથિએ ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



## એડ. રાયચંદભાઈ રતનશી નાગડા (R.R.)

**અરિહંતશરણ : તા. ૦૫.૦૯.૨૦૨૦**

એક દાયકા સુધી આપશ્રીએ ''પ્રકાશ સમીક્ષા''નું તંત્રીપદ શોભાવ્યું અને આપના તંદુરસ્ત વિચારો, યથાર્થ શબ્દો તથા તટસ્થ મુલ્યાંકન દ્વારા જ્ઞાતિજનોના હૃદયમાં અનેરૂં સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આપશ્રી ''પ્રકાશ સમીક્ષા''ની મુલ્યનિષ્ઠતા, નિયમિતતા તથા વિવિધતા માટે સતત જાગૃત રહ્યા હતા.

**પાંચમી પુણ્યતિથિએ આપને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ**

**પ્રકાશ સમીક્ષા સમિતિ**

With Best Compliments from:

MICROFINISH
Pumps • Valves • Automation




MICROFINISH VALVES PVT. LTD.

REGISTERED OFFICE:
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

WORKS: Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

BRANCH OFFICES:
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

તંત્રી સ્થાનેથી

# મિચ્છામી દુક્કડમ્



– CA હીરાચંદ પ્રમિલાબેન-દામજી દંડ, Mob.: 77385 08150

પાવન પવિત્ર પર્યુષણ પર્વ દરમિયાન આપ સૌએ આરાધના સારી રીતે કરી હશે અને બધા શાતામાં હશો. સૌને મિચ્છામી દુક્કડમ્

આપ સૌ વાચકોએ જોયું હશે કે અમે પ્રકાશ સમીક્ષામાં ઘણા ફેરફારો લાવ્યા છીએ. અંગ્રેજીમાં ઘણા લેખો પ્રકાશિત કરી રહ્યા છીએ. અમે અમારા મહિલા વાચકો માટે ખૂબ જ લોકપ્રિય કોલમ વનિતા વિશ્વ પાછી લાવ્યા છીએ. અને વાચકોની સુવિધા માટે શબ્દો અને બે લીટી વચ્ચે સ્પેસ માર્જિન વધાર્યું છે.

આ ફેરફારો આપને ગમ્યા કે નહીં? આપે ધ્યાનમાં લીધાં કે નહીં? એ અંગે વાચકો પાસેથી પ્રતિભાવની આશા રાખી રહ્યો છું. કૃપા કરીને ૯૮૨૧૫૩૫૧૧૧ પર તમારા નામ, તમે જ્યાં રહો છો તે સ્થળ સાથે વોટ્સએપ પર તમારા મંતવ્યો લખી મોકલો. કૃપા કરીને અમને જણાવો કે તમને કયા નવા લેખો વધુ ગમે છે? અને એ પણ જણાવજો કે શું આપણે વધુ અંગ્રેજી લેખો સાથે ચાલુ રાખવું જોઈએ કે આપણે ગુજરાતી લેખો પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ? પ્રકાશ સમીક્ષાને વધુ સારું બનાવવા તમારા પ્રતિભાવો અમારા માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે.

આપણે બધા આરોગ્ય અંગે ડો.વિરચંદ લક્ષ્મીચંદ નાગડાના લેખો, શ્રી સોમ ધરમશીનું કચ્છ દર્શન, શિલ્પાબેન અજાણીના બીઈંગ જૈન, અલ્પાબેન ધરમશીના લાઈફ પાવર અને કેસરસિંહ ખોનાના વતનના વર્તમાનમાં કચ્છ સમાચાર નિયમિતપણે વાંચીએ છીએ.

છેલ્લા કેટલાક મહિનામાં અમે સીએ જતીન જેચંદ લોડાયા દ્વારા કુબેર ભંડાર, હોમિયોપેથી ડો. જયંતિલાલ ખોના દ્વારા સ્ટે હેલ્ધી, શ્રી દિપેશ ડાઘા દ્વારા મની મેટર, શ્રીમતી માલતીબેન હરીશ ધરમશી દ્વારા વનિતા વિશ્વ, ડો. અપર્ણા રિતેશ નાગડા દ્વારા સ્ટુડન્ટ કોર્નર, અમિષાબેન દ્વારા વુમન્સ વર્લ્ડ કોલમમાં લેખો રજૂ કર્યા છે. એડ. કેતન લોડાયા દ્વારા આપણી ધરોહર, સીએ હિતેશ ધરમશી દ્વારા બિઝનેસ વર્લ્ડ, લીનાબેન હિરેન લોડાયા દ્વારા પ્રસંગોપાત લેખો અને કનકબેન જયેશ અજાણીની કવિતાઓ પ્રકાશિત કરી રહ્યા છીએ.અતિથિ સંપાદકો તેમની પસંદગી મુજબ તેમના વિચારો અને દ્રષ્ટિકોણ સંપૂર્ણપણે અલગ રીતે વ્યક્ત કરી રહ્યા છે.

અમે ઘણા લેખોને ઈન્ટરેક્ટિવ બનાવીશું જેથી વાચકો વિવિધ વિષયોમાં સામેલ થઈ શકે અને તેઓ તેમના મંતવ્યો શેર કરી શકે જેનાથી જે તે વિષયો ઉપર વધુ પ્રકાશ પડશે. શ્રી રાજેશ પ્રેમજી શાહ (લોડાયા) – મોટી સિંધોડી (સાયન)એ ત્રણ શ્રેષ્ઠ લેખકોને ઈનામ આપવાની પણ જાહેરાત કરી છે, તો ઉઠાવો કલમ અને લખવાનું શરૂ કરો.

પ્રકાશ સમીક્ષા જાન્યુઆરી/ફેબ્રુઆરી ૨૦૨૬માં મુંબઈ ખાતે KDO જ્ઞાતિના એવા સ્ટાર્સનું સન્માન કરવાની યોજના બનાવી રહ્યું છે જેમની સિદ્ધિઓ અસાધારણ છે. બધા વાચકોને વિનંતી છે કે તેઓ આવા સ્ટાર્સના નામ અમને ઈમેઈલ કરે. અમે એક સ્વતંત્ર પસંદગી સમિતિ બનાવીશું જે KDO સ્ટાર્સની પસંદગી કરશે.

વસ્તીપત્રક એપ વિશેનો લેખ પ્રકાશ સમીક્ષામાં એક બે મહિના પહેલા પ્રકાશિત થયો હતો અને ઘણા વાચકોએ, કે.ડી.ઓ. દિકરીઓ, કે જેમણે અન્ય જ્ઞાતિઓમાં લગ્ન કર્યા છે તેમને વસ્તીપત્રક એપમાં સમાવવા અંગે તેમના મંતવ્યો મોકલ્યા હતા. પરંતુ વસ્તીપત્રક સમિતિ તરફથી અત્યાર સુધી કોઈ પ્રતિસાદ મળ્યો નથી. આ અંગે કે.ડી.ઓ. સમાજે હવે વધુ હિલચાલ માટે આગળ ઉપર વિચારવું પડશે.

સામાજિક વ્યવસ્થાને લગતા વિષય ઉપર વ્યવસ્થાપકોના વિચારો જાણવા જ્ઞાતિજનો ઉત્સુક હોય એ સ્વાભાવિક છે.

**નોંધ : સ્થળ સંકોચના કારણે તપસ્વીઓના ફોટોગ્રાફ આગામી અંકમાં પ્રકાશિત થશે.**

## આદ્યતંત્રીઓ

**"પ્રકાશ"**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**"સમીક્ષા"**
સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા
**"પ્રકાશ સમીક્ષા"**
સનત્ શાહ
રાયચંદ રતનશી નાગડા

**તંત્રી :** CA હીરાચંદ પ્રમિલાબેન-દામજી દંડ
**સહતંત્રી :** શિલ્પાબેન અજાણી

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**

પ્રમુખ : CA હીરાચંદ પ્રમિલાબેન-દામજી દંડ
મંત્રી : ઍડ. ઉદયન લાલજી લોડાયા
કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

**અન્ય ટ્રસ્ટીઓ**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
કાશ્મીરાબેન વિરેન્દ્ર લુઢીયા
કેશરસિંહ આણંદજી ખોના
ઍડ. શૈલેશ સનત્ શાહ
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતસી શાહ
શિલ્પાબેન અજાણી
જયંત વિશનજી છેડા
ઍડ. કેતન મધુકાંત લોડાયા


## સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.


**વૉલ્યુમ : ૦૫, અંક : ૨૧, તા. ૦૫-૦૯-૨૦૨૫**



**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**PRAKASH SAMIKSHA**
A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**

હેમાંગ લાલજી શાહ - મો.: 99206 46846
E-mail : **kdoprakash@gmail.com**


**વિશેષ નોંધ :** પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. - **તંત્રી મંડળ**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

## જાહેરાતની રકમ ભરવા બેંક એકાઉન્ટની વિગત

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).
જાહેરાત મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of
**"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાતની રકમ ભરનારાઓએ ચેક
Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.

### પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| ¼ પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| ¼ પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

### 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.



# કચ્છ દર્શન





(ભાગ : ૪૮)

લેખક : સોમ ધરમશી
મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭

**(ગતાંકથી ચાલુ)**



માતાના મઢ
મુખ્ય દ્વાર

છેલ્લા ચાલીસ વર્ષમાં માતાના મઢ મંદિરે ઘણા સુધારા-વધારા થયા છે. આ મંદિરના વ્યવહારનું ટ્રસ્ટ બનાવવામાં આવ્યું છે અને ટ્રસ્ટીઓએ વ્યવસ્થામાં સુચારું સુધારો કર્યો છે. ઉતારુઓને રહેવાની વ્યવસ્થામાં બે યાત્રાળુ નિવાસ સામાન્ય અને એક સ્પેશીયલ બનાવવામાં આવ્યા, પણ કચ્છમાં ઠેર-ઠેર અન્ય યાત્રિક નિવાસો આપણા જૈનોના યાત્રિક નિવાસ જેવા સુઘડ અને સ્વચ્છતા ભરેલા નથી. જો કે હવે મંદિરથી દુર ગુજરાત સરકાર તરફથી યાત્રી નિવાસનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ સ્થળ પર્યટન કરવાવાળાને પણ આકર્ષિ શકે તેના પણ પગલાં લેવાઈ રહ્યા છે.

ઘડિયાલનો કાંટો ત્રણ દેખાડતો હોવાથી અરજણભાઈ અમને બધાને દર્શન કરવા મંદિર તરફ લઈ ગયા. હવે મંદિરનું પ્રાંગણ વિશાળ થઈ ગયું છે. રેલીંગ લાગી ગઈ હોવાથી ભક્તને મંદિર સુધી લાઈનમાં આવવાનું હોય છે.

પ્રાતઃ (સવારની) આરતી મધ્યાન આરતી અને સાંજની આરતીના સમયે અહીં વિશાળ લાઈન હોય છે. નવરાત્રીનાં નવ દિવસોમાં અહીં ઠેક-ઠેકાણેથી ભાવિકો ચાલતા, સાઈકલ ઉપર, ખટારામાં આવતા હોય છે ત્યારે ઘણી સામાજીક સંસ્થા યાત્રિકોની સેવા માટે ''ડોરમેટરી'' તંબુઓ ઉભા કરે છે ત્યારે અહીંનો નઝારો જોવા જેવો હોય છે.

અમે મંદિરમાં પહોંચ્યા ત્યારે આરતી શરુ થઈ ગયેલી. અમારા સાથી યાત્રિકોને આગળ જઈ આરતીનાં દર્શન કરવાનું કહી હું સાવ છેલ્લે એક થાંભલાને અડીને બેસી ગયો અને અતીતમાં સરી પડ્યો.

''લગભગ ૪૦ વર્ષ પૂર્વે આ મંદિરની મુલાકાતે મારા કુટુંબ સહિત આવેલો. તે વખતે સવારે આરતી પુર્ણ થયેલ હતી અને મંદિરનાં જાગીરદાર (પુજારી)નાં નિવાસમાંથી એક સરસ ભજન સાંભળવા મળ્યું. લગભગ તેના બોલ હતા...

**''સાધુ તેરો સંગડો ન છોડું મેરે લાલ,**
**એ લાલ મેરે દિલમેં સંતો, લાગી વેરાગી રામા,**
**જોયું મેં તો જાગી હો જી...**
**કપરાં ધોયા ભી મેરે લાલ અંચરા ભી ધોયા હો જી.**
**જબ લગ અપનો મનડો ન ધોયો મેરે લાલ,**
**એ લાલ મેરે દિલમેં સંતો, લાગી વેરાગી રામા,**
**જોયું મેં તો જાગી હો જી,**
**કપરાં ભી રંગ્યા સંતો, અંચરા ભી ધોયા હો જી...**
**જબ લગ અપનો મનડો ન ધોયો મેરે લાલ,**
**એ લાલ મેરે દિલમેં સંતો લાગી વેરાગી રામા,**
**જોયું મેં તો જાગી હો જી**
**કપરાં ભી રંગ્યા સંતો, અંથરા ભી રંગ્યા હો જી.**
**જબ લગ અપનો મનડો ન રંગ્યો મેરે લાલ,**
**એ લાલ મેરે દિલમેં સંતો, લાગી વેરાગી રામા,**
**જોયું મેં તો જાગી હો જી,**
**વસ્તીમેં રહેના મેરે ભાઈ, માગીને ખાના હો જી.**
**ટુકડે મેં સે ટુકડા કરી દેના મેરે લાલ,**
**એ લાલ મેરે દિલમેં સંતો, લાગી વેરાગી રામા,**
**જોયું મેં તો જાગી હો જી,**
**ઇંદરીકા બાંધ્યા અબધૂત, જોગી ના કહેના જી.**
**જબ લગ મનવા ન બાંધ્યા રે મેરે લાલ...**

આવું ભક્તિભાવથી ભરેલું ગીત (સમજાવવાની જરૂરત ખરી ?) તે વખતનાં લોક કલાકાર ઈસ્માઈલ વાલેરાએ ગાયેલ. આવા તો અનેક ભાવપૂર્ણ ભજનો વાલેરાએ ગાયેલ અને હેમુ ગઢવી ઓડિટોરીયમને ગજાવેલ.

**(વધુ આવતા અંકે...)**



पार्श्ववल्लभ इंद्रधाम श्वेतांबर जैन मंदिर कच्छ

# કોઈપણ ફિલ્ડમાં વિશેષ યોગદાન આપનારા વિશ્વભરમાં વસતા ક.દ.ઓ. જ્ઞાતિજનોને પ્રકાશ સમીક્ષા ઍવોર્ડ આપવામાં આવશે

ક.દ.ઓ. જ્ઞાતિના વિશ્વભરમાં વસતા અનેક જ્ઞાતિજનોએ સામાજીક, રાજકીય, શૈક્ષણિક, ઔદ્યોગિક જેવા વિવિધ ક્ષેત્રોમાં નેત્રદિપક કામગીરી બજાવી જ્ઞાતિને ગૌરવ અપાવ્યું છે. તેમણે કરેલા કાર્યોને વધાવવા, બિરદાવવા તથા સન્માનવા પ્રકાશ સમીક્ષા દ્વારા કે.ડી.ઓ. સ્ટાર ઍવોર્ડ સમારંભ જાન્યુઆરી – ફેબ્રુઆરી-૨૦૨૬માં આયોજીત કરવામાં આવશે. ઍવોર્ડ આપવા માટે પસંદગી સમિતીની નિમણુંક કરવામાં આવશે.

કે.ડી.ઓ. સ્ટાર ઍવોર્ડ મેળવવા માટે યોગ્ય વ્યક્તિઓ પોતાના નામ નોંધાવી શકે છે તથા અન્ય જ્ઞાતિજનોના નામો સૂચવી શકે છે. એવોર્ડ માટે નામ સૂચવવા તથા પોતાના નામ નોંધાવવા સર્વે જ્ઞાતિજનોને વિનમ્ર વિનંતી છે. નામની સાથે જે તે જ્ઞાતિજનનું પૂરૂં નામ, ગામ, રહેઠાણ, સંપર્ક નંબર જેવી માહિતી તથા વિશેષ યોગદાનની ટૂંકી નોંધ મોકલવા વિનંતી છે.



**પ્રકાશ સમીક્ષા ઍવોર્ડ પસંદગી સમિતી દ્વારા**

**ઍવોર્ડ માટેના નામો પસંદ કરવામાં આવશે.**

**ઉપરોક્ત ઍવોર્ડ માટે આપ પોતાનું તથા અન્ય જ્ઞાતિજનનું નામ નોંધાવી શકો છો.**
**નામ સાથે વિશેષ યોગદાન કે ઉપલબ્ધીની વિગતો મોકલવા વિનંતી**

**Email : kdoprakash@gmail.com**



## ક.દ.ઓ.ના આગામી કાર્યક્રમો

**તા. ૧૩.૦૯.૨૦૨૫ :** શ્રી ક.દ.ઓ. દેવલાલી નાશિક રોડ સેવાભાવી જૈન સંઘ આયોજિત પ્રથમ સ્નેહમિલન – દેવલાલી.

**તા. ૧૭.૦૯ થી ૧૯.૦૯.૨૫ :** શ્રી ક દ ઓ દેવલાલી નાસિક રોડ જૈન સંઘ આયોજિત ચૈત્ય પરિપાટીઃ મહારાષ્ટ્ર-ગુજરાત ના ૯ તીર્થ.

**તા. ૧૯ થી ૨૧.૦૯.૨૦૨૫ :** શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબિવલી, પંચતીર્થી ચૈત્ય પરિપાટી યાત્રા પ્રવાસ.

**તા. ૨૧.૦૯.૨૦૨૫ :** શ્રી કેડીઓ જૈન સર્વોદય મંડળ – મુલુંડ આયોજિતઃ સરસ્વતી સન્માન ૨૦૨૫ અને પાંજી ધરોહર ફિનાલે (વાર્ષિક ઉજવણી)

**તા. ૨૭.૦૯ થી ૫.૧૦.૨૫ :** શ્રી કેડીઓ જૈન સર્વોદય મંડળ – મુલુંડ આયોજિત : નેચર ક્યોર કેમ્પ સિઝન ૧૪, કચ્છ, બિદડા ખાતે ૯ દિવસ.

**તા. ૨૮.૦૯.૨૦૨૫ :** શ્રી ક દ ઓ જૈન યુવક મંડળ, બૃહદ ગાંધીધામ વિસ્તાર દ્વારા આયોજિત સાર્થક એકેડમીક એક્સીલન્સ એવોર્ડ ૨૦૨૫ સ્થળઃ શ્રી અંબેમાતા હોલ, સેક્ટર ૪, ઓસ્લો.

**તા. ૨૮.૦૯.૨૫- ૦૬.૧૦.૨૫ :** સાંધવ મહાજન આયોજિત દાતાશ્રીઓના સહકારથી આયંબિલ ઓળીઃ સાંધવ મુકામે.

**તા. ૨૬.૧૦.૨૫ થી ૨૭.૧૦.૨૦૨૫ :** જખૌ બિરાજમાન વિકમશી પરીવારના કુળદેવી શ્રી સચ્ચા માતાજી ના ભોઈ માની ગંધી બદલી તથા પોડશા દાદાના ભુવા ચયન વિધિઃ જખૌ સ્થાનકે. ૯૮૧૯૮૨૭૨૮૦, ૯૮૭૦૧૩૧૧૯૩.

**તા. ૦૫.૧૧.૨૦૨૫ :** વારાપધરમાં બિરાજમાન લોડાયા પરીવારના કુલદેવી શ્રી સચ્ચાઇ માતાજીના ભોઈમા ની ગંધી (ચુંદડી) બદલી પ્રસંગઃ સવારે ૯.૦૦ ક. થી. વારાપધર સ્થાનકે.

પ્રકાશ સમીક્ષા શતાબ્દી મહોત્સવ પ્રસંગે પ્રકાશિત
કૉફી ટેબલ બુક 'પ્રકાશ વિશેષ'માંથી ક.દ.ઓ.
વ્યક્તિ વિશેષોની લેખમાળાનો પંદરમો મણકો પ્રકાશિત છે.
આગામી દરેક અંકમાં ક્રમશઃ એક મણકો પ્રકાશિત થશે. - CA હીરાચંદ પ્રમિલાબેન-દામજી દંડ

# સ્વ. ખેતશી નરસી શાહ

## એક જીવન ઝમકદાર

દુનિયાથી આગળનું વિચારે એ દુનિયાને પ્રભાવિત કરે. આ વડીલે યુવાનીમાં એવા વેપારમાં ઝંપલાવીને પ્રગતિ સાધી જેના હોવા વિશે લોકો જાણતા નહોતા. બે વખત મોતને હાથતાળી આપી હતી એમણે. અને કરી અપાર ધર્મસેવા અને લોકસેવા



સ્વદેહે આપણી વચ્ચે કોઈક સ્વજન ના હોય તો પણ, એના વ્યક્તિત્વ અને કાર્યોની સુવાસ સતત અનુભવાતી રહે એ સ્વજનની સિદ્ધિ ગણાય. આપણા પરિવારમાં, સમાજમાં વર્તુળમાં આવા અમુક લોકો રહ્યા હોય છે. એમની શારીરિક વિદાય થાય પણ એમણે સર્જેલી આભાથી આપણે અભિભૂત થતા રહીએ છીએ. આવું જ વ્યક્તિત્વ હતું સ્વ. ખેતશી નરસી શાહનું. ખેતશીભાઈની પ્રકાશ સમીક્ષાના પ્રેસિડન્ટ તરીકેની સેવાને સૌ યાદ કરે છે. એમની સેવાઓનાં બીજાં ઘણાં પાસાં હતાં. પ્રકાશ સમીક્ષાના શતાબ્દી પુસ્તકને સાકાર કરવાનું ઠરાવવામાં આવ્યું ત્યારે એક વાત પર સૌ સહમત હતા, એમાં ખેતશીભાઈનું વ્યક્તિત્વ ઉજાગર થવું રહ્યું... એ માટે મદદ લીધી એમનાં દીકરી મધુરીબહેનની. એમાંથી સર્જાયો આ લેખ.

## વ્યક્તિત્વ

''શું વાત કરીએ પપ્પા વિશે, કેટલી વાત કરીએ?'' એક ઢળતી સાંજે નિખાલસ મધુરીબહેન પ્રશ્ન કરે છે. સ્વાભાવિક છે પિતાની વાત હોય અને દીકરી ભાવવિહ્વળ થાય. એ ભાવવિહ્વળતા, લાગણીભર્યા માહોલમાં ધીમેધીમે તેઓ પિતાના વ્યક્તિત્વનાં નોખાં-અનોખાં પાસાંનાં સંસ્મરણો વહેંચે છે, ''આજે પપ્પા હોત તો ૧૦૭ વરસના હોત. એમનો જન્મ ૧૯૧૭માં કર્ણાટકના ગદગમાં થયો હતો. વસ્તારી (વેપારી) પરિવારમાં. ઘેર એમનાં માતાપિતા, ચાર ભાઈ અને એક બહેન હતાં. તેઓ સાત-આઠ ચોપડી ભણ્યા હતા પણ કોઠાસૂઝ અને મહેનતની વાત કરો તો વિરલ વ્યક્તિત્વ ધરાવતા હતા.''

એ સમય દેશની ગુલામીનો હતો, સંઘર્ષ અને શોષણનો હતો. ખેતશીભાઈની કિશોરાવસ્થામાં દુનિયા અભૂતપૂર્વ મંદીની ભીંસમાં હતી. એવામાં ગુલામ દેશમાં કારકિર્દી ઘડવી, મોટાં સપનાં જોવાં કરોડો ભારતીયો માટે ઠગારી આશા હતી. ખેતશીભાઈ અલગ માટીના હતા. એમની કારકિર્દી ગદગમાં એમના મામાની દુકાને શરૂ થઈ અને આરંભાયો ઝળહળતો પ્રવાસ.

વાત ૧૯૩૦ના દાયકાની હશે. ખેતશીભાઈ ખંતીલા, વિચક્ષણ હતા. તેઓ સતત કશુંક શીખવા, નવું જાણવા પ્રયાસ કરતા. ગદગમાં કામ કરતાં એમના પોતાના પરિવારની શરૂઆત થઈ. ૧૯૪૦માં એમનાં લગ્ન નવલબહેન સાથે થયાં. સાત વરસ પછી એમને ત્યાં પારણું બંધાયું અને આગમન થયું દીકરી મધુરીનું. એક રીતે કહો કે પિતાની મહેનત પર સૌભાગ્યનો ઢોળ દીકરીના આવવાથી ચડ્યો. પછીનાં થોડાં વરસોમાં ખેતશીભાઈની મહેનત રંગ લાવવાની શરૂ થઈ. એમને કામકાજમાં શરૂઆત કરાવી મામાએ, તો દિશા બદલવામાં નિમિત્ત બન્યા મમ્મીના મામા ગોવિંદજીભાઈ. એકવાર કાલિકટથી ગદગ આવેલા એ વડીલે ભાણાપૌત્રને એક વસ્તુ બતાવતાં કહ્યું, ''આ નવો વેપાર છે. જો, તને આમાં કંઈક કરવા, કરી બતાવવા જેવું લાગે તો...'' એ વસ્તુ હતી ટાયર. એ યુગ બળદગાડાં, ટાંગાનો હતો. મોટર ગણો કે એન્જિનથી ચાલતાં વાહનો, એ ભારતમાં પ્રસ્થાપિત થવાનાં બાકી હતાં. ટાયર નવી જણસ અને અજાયબી. નાનામામાએ બતાવેલા ટુકડાએ ખેતશીભાઈના જિજ્ઞાસુ મનમાં સંચાર કર્યો. સંશોધન કરીને ઠરાવ્યું કે આમાં તક છે. બસ, એમણે પરિવારને સ્થળાંતરિત કર્યો વતન, કચ્છ બાયઠ. પોતે આવ્યા મહાનગરી મુંબઈ.

વાત છે સન ૧૯૫૦ની. મધુરીબહેન ત્યારે અઢી-ત્રણ વરસનાં. ખેતશીભાઈએ મુંબઈમાં છાપરું મેળવ્યું મુલુંડમાં. ટાયરના ટુકડા લઈને આવ્યા હતા. વાહનોનું આગમન થવા માંડ્યું હતું. ટાયરની બજાર વિકસવાની છે એ સ્પષ્ટ થઈ રહ્યું હતું. ખેતશીભાઈને કામકાજ શરૂ કરવા જગ્યા મળી મસ્જિદ બંદરમાં. એક વેપારીએ એમને ટેબલ રાખીને કામ કરવાની છૂટ આપી. ત્યાં ખેતશીભાઈએ ટાયરના વેચાણ પણ રિમોલ્ડિંગનું કામ શરૂ કર્યું. દીર્ઘદ્રષ્ટિ કેવી હોવી જોઈએ એ સમજવા આ વાત નોંધવા જેવી છે. આજે જેમ દુનિયા રિન્યુએબલ એનર્જી, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ વગેરેમાં ભવિષ્ય જુએ છે એમ, ખેતશીભાઈએ સમય પહેલાં ભવિષ્ય જોયું ટાયરના વેપારમાં.

એક ટેબલથી શરૂ કરેલું કામ ધીમેધીમે જામતું ગયું. કાર અને વાહનો વધી રહ્યાં હતાં. એમણે વધતા વેપાર

માટે દુકાનો ભાડે લીધી. ઉપનગરમાં વિશા ઓશવાળ સમાજની વાડી આસપાસ એક પછી એક દુકાનો. કામ વધતાં બે ફેક્ટરી પણ કરી, એક દાદર તો બીજી અંધેરીમાં. ''પપ્પાએ એવા વેપારમાં ઝંપલાવ્યું હતું જેમાં જૂજ લોકો હતા. બીજું, એમની પ્રામાણિકતા, અથાક મહેનત અને કુનેહને કારણે વેપાર સરસ આગળ વધ્યો,'' મધુરીબહેન જણાવે છે. એ વધવાનો ક્રમ અમદાવાદમાં ફેક્ટરી શરૂ કરવા સુધી પહોંચી ગયો. સાથે ખોલી નવી ઓફિસીસ. દરમિયાન એમણે પત્ની, દીકરી મધુરીબહેન સહિત પરિવારને મુંબઈ બોલાવી લીધા. હવે આર્થિક અડચણો નહોતી પણ હતી ઝાઝા હાથ રળિયામણા કરવાની અડચણ. ખેતશીભાઈએ એમના ભાઈઓને કાલિકટ અને કોચીન (આજનું કોચી કે એર્નાકુલમ)થી મુંબઈ બોલાવ્યા. ભાઈઓ ત્યારે નોકરી કરતા. એક સે ભલે તીન થયા પછી ખેતશીભાઈને વિકસવા માટે મોકળું આકાશ મળ્યું. એમણે મુંબઈ-અમદાવાદ આવજા માંડી. પછી આવ્યો એ દિવસ જ્યારે દેશની તત્કાલીન બે સૌથી પ્રતિષ્ઠિત ટાયર ઉત્પાદક કંપનીઓ, સિએટ અને મિશેલિને, એમને મુંબઈના મુખ્ય ડીલર બનાવ્યા. એ વાત સિદ્ધિથી ઓછી નહોતી.

પરિવાર બે પાંદડે થયો અને વિસ્તર્યો એટલે મુલુંડના નાના ઘરથી સૌ સ્થળાંતરિત થયા વડાલા. દીકરી મધુરી પણ લગ્નની વયની થઈ. સન ૧૯૬૭માં એનાં લગ્ન ઠરાવ્યાં. લગ્નમાં અન્ય જાણીતી ટાયર કંપનીઓ, ગુડયર અને ફાયરસ્ટોનની ઇટાલીના હેડ ઓફિસીસના જનરલ મેનેજર્સ સજોડે આવ્યા. બેઉ ખેતશીભાઈના ગુણ-સંસ્કારથી ખાસ્સા પ્રભાવિત થયા. એકાદ વરસે એમણે ખેતશીભાઈ સમક્ષ પ્રસ્તાવ મૂક્યો, ''એકવાર આવો તો ખરા અમારે દેશ. અમારી ફેક્ટરીની મુલાકાત લો... તમને ખૂબ ગમશે અને અમને પણ...''

ખેતશીભાઈએ દરિયો ખેડ્યો. ઇટાલી ગયા અને રહ્યા. મેનેજર્સના સૂચન પ્રમાણે ટાયરના વેપારની બારીકીઓ શીખી, તાલીમ મેળવી. પછી અનેકવાર ગયા. એ પ્રવાસોથી એમના માટે ત્યાં કાયમી થાળે પડીને અપાર સંપત્તિ કમાવાના સંજોગ ઉજળા થયા છતાં, દેશપ્રેમે એમને પ્રેર્યા દેશમાં રહીને પ્રગતિ સાધવા. દરમિયાન, ગુડયરે એમને ટાયર ઉદ્યોગના નિષ્ણાત અને અત્યંત મહત્ત્વના વેપારી તરીકે સન્માનિત કર્યા. દીકરીનાં લગ્ન પછી પાંચેક વરસમાં ખેતશીભાઈએ વેપારમાં મોટી છલાંગો ભરી. ૧૯૭૨માં એના પરિપાકરૂપે ગુડયરના ઇન-હાઉસ મેગેઝિનમાં એમનો સુંદર ઇન્ટરવ્યુ છપાયો હતો.

## સેવાવિશ્વ

૧૯૭૨નું વરસ અંતરબળ અને શ્રદ્ધાનો પરચો આપનારું પણ રહ્યું હતું. એની સાથે એમનો સેવાપ્રવાસ શરૂ થયો હતો. એ વરસે ખેતશભાઈને સાઇટિકા થયો. ડોકટરે હાથ ઊંચા કરી દીધા, ''હવે કંઈ થઈ શકે નહીં... એમની પાસે બહુબહુ તો બેએક દિવસ છે...'' ડોક્ટરે ખેતશીભાઈને ઘેર લઈ જવા જણાવ્યું. એવામાં એક મિત્ર ખબરઅંતર પૂછવા ઘેર આવ્યા. વાતવાતમાં જણાવ્યું કે માટુંગામાં એક સાધુ પધાર્યા છે. લોકો એમને દાદા ભગવાન કહે છે. એકવાર દર્શન કરી લો તો... ખેતશી સ્વયં જઈ શકે તેમ નહોતા. પરિવારજનો ગયા. એમણે ખેતશીભાઈના સ્વાસ્થ્યની વાત કરી. દાદા ભગવાન કહે કે ચાલો, હું એમને મળવા આવું છું.

ખરેખર દાદા ભગવાન આવ્યા વડાલા. એમણે ખેતશીભાઈને જોયા, મનોમન કશુંક અનુભવ્યું અને પછી, એક ચમચી વિધિપૂર્વકનું દૂધ પાયું. એ સાથે ચમત્કાર થયો. થોડીવારમાં ખેતશીભાઈના ગતિહીન, ક્રિયાહીન શરીરમાં હલચલ થઈ. સૌ આશ્ચર્યચકિત ! બે-ત્રણ દિવસમાં તો પલટો આવ્યો કે ખેતશીભાઈ સાજાનરવા થઈ ગયા. જાણીને ડોક્ટર પણ સ્તબ્ધ હતા. કહે છેને કે તારણહારને હજાર હાથ છે, પરમાત્માની લીલા અકળ છે !

નવજીવન પામેલા ખેતશીભાઈ વેપારમાં વ્યસ્ત રહ્યા પણ એમાં પ્રબળ ધર્મભાવના અને સેવાભાવ ઉમેરાયા. તેઓ દાદામય બની ગયા. દાદા જયાં સંત્સંગે જાય ત્યાં ખેતશીભાઈ હોય. દ્રવ્યને સુકૃતોમાં ખર્ચવાની શરૂઆત થઈ. સુરતના કામરેજમાં ખેતશીભાઈએ ત્યારે એક જૈન મંદિરમાં ભગવાનની નયનાકર્ષક પ્રતિમા આપી. બાર ફૂટની એ પ્રતિમા ભવ્ય હતી. વડાલામાં પણ દેરાસરની સેવામાં જાતને ઓતપ્રોત કરી. એ દેરાસરમાં સ્થાપક ટ્રસ્ટી હોવા

ઉપરાંત એમણે એનું બંધારણ ઘડ્યું હતું. એ આજે પણ યથાવત્ દેરાસરમાં અમલમાં છે. સાથે, કંપનીના કર્મચારીઓનાં લગ્ન કરાવવાં, એમની તકલીફમાં પડખે ઊભા રહીને બનતું કરી છૂટવું એ ખેતશીભાઈનો આજીવન નિયમ રહ્યો. તેઓ સમાજની મહાજનની ચૂંટણીમાં પણ જીત્યા હતા. જોકે છએક મહિના સેવા પછી તેમણે રાજીનામું આપ્યું હતું.

૧૯૫૯-૬૦ની વચ્ચે સાયટિકા થયું. સાયટિકાની ઘટના એમના જીવન સામે પ્રશ્નાર્થચિહ્ન ઊભો કરનારી એકમાત્ર ઘટના નહોતી. એવું બીજી વખત ૧૯૭૨માં થયું. એ વખતે એમને કમળો અને એમાંથી ગંભીર કમળી થઈ. ફરી હોસ્પિટલનાં ચક્કર, ફરી ડોક્ટરનું અફર મંતવ્ય કે હવે આ વડીલ વગર લાકડીએ ચાલી નહીં શકે. એવામાં જાદુ કર્યો પિતાએ. નરસીભાઈ આયુર્વેદાચાર્ય હતા. કચ્છમાં લોકો એમને વૈદબાપા સંબોધિત કરતા. એમણે લોકોની ખૂબ સેવા કરી હતી. દીકરાના સ્વાસ્થ્ય વિશે જાણીને વિહ્વળ પિતાએ અનુભવ અને વિદ્યાના જોરે કહ્યું, ''ચિંતા નહીં કરતો... તારો બાપ જીવે છે હજી. તું પાછો હરતોફરતો થઈશ જ.'' પિતાએ દીકરા માટે પોતાનું જ્ઞાન કામે લગાડીને એક તેલ તૈયાર કર્યું. એનાથી માલિશ કરતાં થોડા સમયમાં ખેતશીભાઈની બીમારી જતી રહી. તેઓ ફરી પહેલાંની જેમ હરતાફરતા થઈ ગયા.

આ ચમત્કાર પછી એમણે પિતા પાસેથી એ તેલ બનાવવાની ફોર્મ્યુલા જાણીને એનું ઉત્પાદન શરૂ કર્યું. વેપાર કરવા નહીં પણ જરૂરિયાતમંદો દરદીઓને વિનામૂલ્યે આપવા. આજે ખેતશીભાઈ પછી તેલ બનાવવાનું સત્કાર્ય મધુરીબહેન કરે છે. તેઓ પણ દરદીઓને વિનામૂલ્યે તેલ આપે છે. ૨૭ વરસથી મહિને દસેક લિટર તેલ આ રીતે વહેંચાય છે.

બબ્બે વખત મોતને હાથતાળી આપનારા આ વડીલે પાછલી જિંદગી માત્ર સેવાને સમર્પિત કરી હતી. એની શરૂઆત આમ તો ૧૯૭૦ના દાયકામાં થઈ ગઈ હતી. મધુરીબહેનને એનું પણ બરાબર સ્મરણ છે, ''મારાં મમ્મી નવલબહેનનું ૧૯૭૫માં અવસાન થયું પછી પપ્પા એકલવાયા હતા. ઉંમરને લીધે સ્વાસ્થ્યની દ્રષ્ટિએ પહેલાં જેવા ખડતલ નહોતા. એકવાર એમણે મને અને મારા પતિ કિશોરને બોલાવ્યાં. કહ્યું કે ઘણું કર્યું. હવે નિરાંત ખપે છે. મને કહો કે સંપત્તિનું શું કરવું. તમે રાખી લો. અમે ના પાડી કે અમારે શું કરવી તમારી સંપત્તિ. પપ્પાએ અમને આગ્રહ કરીને ઘર આપ્યું સાથે આપ્યા ઘરભગવાન. એ સિવાયની તમામ સંપત્તિ એમણે દાન કરી દાદા ભગવાન ટ્રસ્ટને.'' પછી પણ ખેતશીભાઈ ઘણું જીવ્યા. નિરંતર સેવારત રહ્યા. સન ૧૯૯૭માં ૮૦ વરસની વયે તેમણે આ ફાની દુનિયામાંથી વિદાય લીધી ત્યારે તેઓ પોતાની પાછળ પોતાના જેવી જ સંસ્કારી દીકરી સાથે સુકૃતોનો વારસો મૂકી ગયા હતા.

## અને પ્રકાશ સમીક્ષા વિશે...

પિતાએ જે સામયિકના પ્રમુખ તરીકે સેવા આપી એ શાહ પરિવારમાં અગત્યનું સ્થાન ધરાવે છે. મધુરીબહેન કહે છે, ''પપ્પા હતા ત્યારે અને આજે પણ પ્રકાશ સમીક્ષા અમારા જીવનનું અવિભાજ્ય અંગ છે. આજે પણ જેવો અંક આવે કે નવરાશ કાઢીને આખેઆખો અંક વાંચી જાઉં છું. એમાં પ્રસિદ્ધ થતી સમાજની જાણકારી બહુ ઉપયોગી હોય છે. ''

પ્રકાશ સમીક્ષા જે રીતે આગળ વધી રહ્યું છે એનાથી તેઓ પ્રભાવિત છે. નવી પેઢી જો સામયિક સાથે જોડાયેલી રહેશે તો જ્ઞાતિ વિશે તો જાણશે જ, સાથે ભવિષ્યમાં પ્રકાશ સમીક્ષા ઉત્તરોત્તર પ્રગતિ કરશે, એવો પણ એમનો મત છે. છેલ્લે તેઓ ઉમેરે છે, ''સો વરસ કોને કહેવાય? આ તો એક અનન્ય સીમાચિહ્ન છે. બસ એટલી શુભેચ્છા કે આવાં અનેક શતક આપણું આ સર્વપ્રિય સામયિક પાર કરે.''

❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖

• પારસી ભરત અને બટકસબની સાડીઓ તૈયાર તેમજ ઓર્ડરથી • સાચી જરીની સાડીઓ બોર્ડર • જુના સાચા ઘરચોળા • કસબના ચણીયા-ચોલી બજારથી વધારે ભાવથી વેંચવા મહાવીર-માટુંગા લઈ આવો, તરત જ ફાઈનલ.

**શ્રી મહાવીર એમ્બ્રોયડરી**

રાજ નિકેતન બિલ્ડીંગ HDFC ની બાજુમાં, ફુલ ગલીની સામે,
માટુંગા સે.રે. ૮૬૫૨૨ ૩૯૫૩૭ / ૯૮૩૩૯ ૧૬૫૧૦ સોમવારે બંધ

❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖

**આરોગ્ય પ્રકાશ**

# નશાકારક અને આરોગ્ય માટે નુકશાનકારક રોજીંદી ચીજો – ૧



– **ડૉ. વીરચંદ લખમશી નાગડા,** M.B.B.S. (મુંબઇ), **M : 8369077978**

નશો કે વ્યસન એ માનવ જાતના આરોગ્ય માટે, આર્થિક રીતે તેમજ સામાજીક રીતે ખૂબજ નુકશાનકારક છે. ગુટકા, સિગારેટ, તમાકુ, બીડી, દારૂ વગેરે વિવિધ વ્યસન બહુ વ્યાપક રીતે માનવજાતમાં ફેલાયેલા છે. અમુક યુવાનો ડ્રગ્સ, ચરસ, ગાંજા જેવા નશામાં ફસાયેલા છે કે ફસાવવામાં આવે છે. આવી ચીજોથી આરોગ્યને ગંભીર નુકશાન થાય છે. આ તો થઈ સદીઓથી જાણીતી નશાકારક ચીજોની વાત પણ આજે રોજીંદા જીવનમાં વપરાતા ખાદ્ય, વસ્તુઓ કે આપણી આસપાસના વાતાવરણ વગેરેથી થતી નશા જેવી અસર અને બીજી નુકશાનકારક વસ્તુઓથી થતી આરોગ્યની હાનિ વિશે વાત કરશું.

દિવસની શરૂઆતમાં દાંત સાફ કરવા વપરાતા ટુથપેસ્ટમાં ફોર્મલ ડીહાઈડ હોય છે જે મચ્છર મારવા માટેનું અને લાશ સાચવવા વપરાતું કેમિકલ છે, એનાથી મોઢાની લાળ એસિડિક થઈ ખાધેલો ખોરાક પણ એસિડિક થઈ જાય છે. તે ઉપરાંત મોઢાની નાજુક ત્વચામાં આ સહેજ શોષાય છે જે આરોગ્ય માટે નુકસાનકારક છે. અમુક પેસ્ટમાં ટ્રાયક્લોઝન નામનું કેમિકલ વપરાય છે જે એન્ડોક્રાઈનના કામમાં અવરોધરૂપ થાય છે, એટલે કે શરીરના હોર્મોન્સમાં ફેરફાર થઈ શકે છે. અમુક ટુથપેસ્ટમાં ટિટેનિયમ ડાયોક્સાઇડ વપરાય છે જે આરોગ્ય માટે નુકસાનકર્તા છે. અમુક પેસ્ટમાં તમાકુ હોય છે જે નશાકારક ચીજ છે. ફલોરાઈડ પણ વધુ પ્રમાણમાં હોય તો ટોક્સિક (ઝેરી) સાબિત થાય છે. નાના બાળકો સ્વાદ અને મીઠાશને કારણે ગળી જાય છે જે ફલોરાઈડ જેવા કેમિકલને લીધે આરોગ્ય માટે ખતરનાક છે. સોડિયમ લોરીલ સલ્ફેટ ટુથપેસ્ટમાં વપરાતું બીજું કેમિકલ છે, જે પણ નુકસાનકર્તા છે. ટ્રિસ્કોસન કે ટાઈટેનિયમ ડાયોક્સાઇડ જો કોઈ ટુથપેસ્ટની બનાવટમાં વપરાતું હોય તો તે કેન્સરનું કારણ બની શકે છે. આમાં વપરાતા ડાઈસ અને કલર્સ આરોગ્ય માટે નુકસાનકારક છે. આ ઉપરાંત આમાં પ્રિઝરવેટિવ પણ વપરાતા હોય છે જે આરોગ્યને નુકસાનકર્તા છે. આથી જ ઘરે બનાવેલ ફટકડીનો પાવડર અને મીઠું મિક્સ કરેલ પાવડર વાપરવું. તેમાં રાઈના તેલના ટીપા નાખી પેસ્ટ જેવું બનાવી વાપરવું હિતાવહ છે. આ ત્રણેય વસ્તુ દાંત માટે એન્ટીસેપ્ટીકનું કામ કરશે જેથી દાંતમાં સડો થતો અટકશે. આ ઉપરાંત ૧૦-૧૫ દિવસે એક વખત ઓઇલ પુલિંગ એટલે કે ચપટી મીઠું અને એક બે ચમચી તેલ (કોઈ પણ તેલ – તલ તેલ અને રાઈ તેલ ઉત્તમ) મોઢામાં લઇ ૧૦ મિનિટ મોમાં ફેરવવાથી દાંતની કોઈપણ જાતની તકલીફ કે દાંતના દુખાવો કે હલતા દાંત સર્વેમાં ઉત્તમ ફાયદો કરે, મટાડે. તે ઉપરાંત શરીરના ટોક્સિન બહાર નીકળી જશે.

નાસ્તાની શરૂઆત ચા કોફીથી થાય જેમાં ટેનીન અને કેફીન હોય છે. કેફીન નશાકારક છે, જેનાથી ડીહાઈડ્રેશન થઈ શકે. દિવસ દરમિયાન ચા કોફી વધુ પ્રમાણમાં લેવાય તો ઊંઘ પર અસર, ચિંતા, બેચેની અને પાચનની સમસ્યા થઈ શકે. એસિડિટી, હાઈ બીપી, પેટમાં બળતરા, ઉલટી થાય, આર્યનનું શોષણ ઓછું થાય, હાડકા નબળા પડે તેમજ ચા કોફીનો અતિરેક અન્નનળીના કેન્સર માટે કારણરૂપ બની શકે છે. તે ઉપરાંત ચા કોફીમાં સ્વાદિષ્ટતા અને ચગડવાની મજા પડે એવી પિપરમેન્ટ અને ચોકલેટ આપણે સૌ ખાવી પસંદ કરીએ છીએ પરંતુ તેમાં સાકર વધુ અને તે વધુ લાંબા સમય સુધી ટકી રહે એ માટે ૨૦-૨૫ જેટલા સ્ટેબિલાઇઝર, ફૂડ એડિટીવ્સ, આલ્કોહોલ, રાઈઝીંગ એજન્ટ, સેકરીન, એસ્પારટેમ, કલરિંગ એજન્ટ વગેરે રસાયણોનો ઉપયોગ થાય છે જે આરોગ્ય માટે નુકસાનકર્તા છે. કોકોને ઊંચા તાપમાને ગરમ કરી બ્રાઉન કરવા ટાયરોસિન પ્રોસેસ કરે, આ સર્વે કેન્સરકારક છે. એમાં નિકલ ફેરવેટથી બનાવેલ નકલી

ઘી ઉમેરે જે મગજની બીમારી, ડાયાબિટીસ, અલ્ઝાઈમર્સ રોગ આપી શકે. આમાં બ્લીચ કરેલો લોટ વપરાય જેમાં ફાઈબર, વિટામિન્સ કે કોઈ ફૂડ વેલ્યુ નથી જેના કારણે કબજિયાત, મજ્જાતંતુને નુકસાન, હાર્ટ એટેક, સ્ટ્રોક આવી શકે. એમાં જીલેટીન વપરાય છે જે ડુક્કરની ચામડી અને નરમ હાડકામાંથી મેળવાય છે. સ્ટેબિલાઇઝર અને બાઈન્ડર તરીકે મોડીફાઇડ ફૂડ સ્ટાર્ચ વપરાય, સિન્થેટિક સુગંધ વપરાય, જેનાથી ડાયાબિટીસ, જાડાપણું, થાયરોઈડની સમસ્યા થઈ શકે. કોકોની ચોકલેટમાં તેમજ કોટન કેન્ડીમાં રોહામાઈન બી વપરાય છે જે કેન્સરકારક છે. (જેને કારણે કર્ણાટક તેમજ વિદેશમાં તેના વપરાશ ઉપર બેન છે) આ સર્વ ખરાબીથી બાળકોને બચાવવા તેમની પસંદગીની કોકો ચોકલેટ ઘરે બનાવો. (વધુ આવતા અંકે)

**કેરળ પ્રવાસની અનુભૂતિ**




કેડીઓ મુંબઈ મહાજન દ્વારા સિનિયર સભ્યો માટે યોજાયેલ કેરળ યાત્રા ખરેખર જાદુઈ રહી. કોચીનના ઐતિહાસિક આકર્ષણથી લઈને અલપૈની શાંત બોટ સફર અને કુદરતી સુંદરતા સુધી – દરેક સ્થળે નવો આનંદ મળ્યો. થેકડીમાં મસાલાના બગીચા અને પેરીયાર બોટ રાઈડમાં ઈન્દ્રિયો સુગંધથી ભરાઈ ગઈ, જ્યારે મુન્નારના ચા બગીચા અને ધુમ્મસથી ઢંકાયેલા પહાડોએ મંત્રમુગ્ધ કરી દીધા.

વ્યવસ્થા ઉત્તમ, મહેમાનગતિ રાજાશાહી જેવી રહી. ધારણીબેન મોતાના રમતના કાર્યક્રમોએ અમારામાંના બાળકને બહાર લાવી દીધો. સ્વાદિષ્ટ ભોજન અને કેટરિંગ માટે ભૌમિક મોતા તથા સ્ટાફનો દિલથી આભાર. દરેક નાની બાબતનું ધ્યાન રાખવા બદલ જીવરાજભાઈ લોડાયાનો ખાસ આભાર. અને સૌથી મહત્વનું – તમામ સહપ્રવાસીઓનો ખૂબ ખૂબ આભાર, તમારા સહકાર અને ઊર્જાએ આ પ્રવાસને માત્ર યાત્રા નહીં પરંતુ આનંદમય સંસ્મરણમાં ફેરવી દીધો.

– **કલ્પના અશોક શાહ** – સેવક ભરૂડીયા (મુલુંડ)

**ક્ષમા વીરષ્ય ભૂષણમઃ**

જીયણ મેં ક્ષમા કૈંધે સિખી ગિંજા
ન વેરઝેર કેંસે ન મનડુખ કેંસે
આય પાંજો હેડાં ચાર ડીંજો વિસામો
ઈનકે દિપાયને ક્ષમા મિણી વટા મંઙી ગિનજા
માનવ જીવન હિ મિલયો પાંકે પાંજો
પાંજે વેરીયેંકે ભી ક્ષમા અંઈ કરી દિજા
મન નિર્મલ થઈ વેંધો પાંજો જ
માફ કરે, માફી દૈઇ દિબો ત
રૈ વેંધો યાદ પાંકે પાંજો સ્લોગન
ક્ષમા વીરષ્ય ભૂષણમ

**– શાંતિલાલ રામજી લાલકા – હુબલી**
મો નં ૯૨૪૨૨૨૦૮૦૩

**નમ્ર નિવેદન :**

જ્ઞાતિજનો, સંસ્થાઓ તથા મહાજનોને નિવેદન છે કે સમાચાર, જાહેરખબર કે અન્ય માહિતી મોકલતી વખતે ઈ-મેલમાં આપનો કોન્ટેક્ટ નંબર લખવો.

MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ

**Full પૈસા વસુલ Offer**
**જો આયેગા વો પાયેગા**
**નહીં આયેગા વો પછતાયેગા**

•હેન્ડ પારસી ગારા સાડી, દુપટ્ટા
•મશીન પારસી સાડી, કુર્તી, દુપટ્ટા, Stoll, બોર્ડર.
•Party Wear Saree.
•રંગબેરંગી બાંધણી, દુપટ્ટા
•કોટન કોટા વીવીંગ તથા એમ્બ્રોયડરી સાડી.
•દાદી-નાનીને પ્રસંગમાં પહેરવા લાઈટ વેઈટ સાડી.
• પ્લેન પોતમાં (અનેક વેરાયટી)
•ફેન્સી મસલીન કોટન પ્રીન્ટેડ કુર્તી સેટ (3 pcs, 2 pcs, A/c જેવી ઠંક આપે તેવું મટીરીયલ)
•દરેક જાતનું એમ્બ્રોયડરી વર્ક તમારી પસંદગી મુજબ સાડી-ચણીયાચોળી, ડ્રેસ, ઓલ્ટ્રેશન.

**SPL OFFER :** ફક્ત સાચી જરીની સાડી, ચણીયાચોળી, ઘરચોળા, બોર્ડર, બ્લા, સેલા, ચંદરવા, પોડીયા, બજાર કરતાં વધારે ભાવથી વેંચવા જુની અને જાણીતી દુકાન.

**રોકડા રૂપિયા-સંતોષકારક વળતર-તરત જ ફાઈનલ**

**મહાવીર સારીઝ,** મોદી ચાલ, શોપ નં.૨,
સીઝન્સ શો રૂમની સામે, સ્ટેશન રોડ, સાંતાક્રુઝ (વેસ્ટ).
**M. : 91 3714 6272 / 96195 54801**

MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ

**સ્મૃતિ વિશેષ**

# 'પ્રકાશ'ના પાયાના પથ્થર
# શ્રી ધર્મસિંહ નથુભાઈ ધરમસી, ગોરખડી

સં. રમેશ મુલજી લોડાયા – ભરૂડીયા (મુલુંડ) મો. ૯૮૨૦૩૩૬૭૬૭



**પ્રકાશ સમીક્ષાના પ્રારંભને સો વર્ષ થયા. શતાબ્દી દરમ્યાન અનેક વ્યક્તિઓએ પ્રકાશ સમીક્ષાને માહિતીપૂર્ણ અને સુદઢ બનાવવા પોતાનું યોગદાન આપ્યું છે. શ્રી ધર્મસિંહ નથુભાઈ ધરમશી પણ એવા યુવાન જ્ઞાતિજન હતા કે જેમણે પ્રકાશની વિકાસયાત્રામાં પોતાનું યોગદાન આપ્યું હતું. શ્રી રમેશભાઈ લોડાયાની કલમે કંડારેલ તેમની જીવનયાત્રાને આ લેખમાં જાણીએ**

**– CA હીરાચંદ પ્રમિલાબેન-દામજી દંડ, Mob.: 77385 08150**



શતાબ્દી પાર ઉતરેલ જ્ઞાતિ મુખપત્ર 'પ્રકાશ'ની યશોગાથા, ગાંઠનું ગોપીચંદ કરવા નીકળેલા ખિસ્સા ખર્ચમાંથી ચલાવનારા મરજીવાઓની છે. આજે આ શતાબ્દી જુની ઈમારત આવા પાયાના પથ્થર પર ઉભેલી છે. આવા એક મૂળ આધાર સ્તંભ દલતુંગીના શ્રી લક્ષ્મીચંદ વીરજી લાપસીયાનો જીવન પરિચય અગાઉ મેં પ્રગટ કરેલ. મારા લેખના પ્રત્યુતરમાં ઘણા વાચકો, જેઓ શ્રી લાપસીયાના નજીકના પરિચયમાં આવેલ તેમના ફોન/મેસેજ આવ્યા તેનો મને આનંદ છે. વિશેષ આનંદ તો ત્યારે થયો જ્યારે લક્ષ્મીચંદભાઈને આપણા સમાજે જાકારો આપ્યો અને પાટણ જૈન મિત્ર મંડળમાં જીવનના અંત સુધી ૨૭ વર્ષ સુધી સેવા આપી એવા આ પાટણ જૈન મિત્ર મંડળના એક સભ્ય શ્રી મહેન્દ્રભાઈ સેવંતીલાલ શાહ, ઉં. ૮૮ વરસ, જેમણે મારો લેખ વાંચી મને ફોન કર્યો. એમને આ લેખ ખૂબ ગમ્યો અને શ્રી લક્ષ્મીચંદભાઈ સાથેના સંસ્મરણો વાગોળ્યા, જે એમના જ શબ્દોમાં વર્ણવું છું.

પાટણ જૈન સમાજે બનાવેલી બિલ્ડિંગમાં જેમાં હું રહું છું તેના ગ્રાઉન્ડ ફલોર પર પાટણ જૈન મિત્ર મંડળની ઓફિસ હતી જ્યાં લક્ષ્મીચંદભાઈ કામ કરતા હતા. સાંજે અમે રમવા ઉતરતા અને ક્યારેક અવાજ કરતા તો લક્ષ્મીચંદભાઈ ઓફિસમાંથી બહાર આવતા. સફેદ ઝબ્બો, સફેદ ધોતીયું, સફેદ ટોપી અને આકર્ષક શરીર જોઈને અમે સૌ ડરના માર્યા ભાગી જતા. સમયાંતરે પાટણ જૈન મિત્ર મંડળની ઓફીસ અન્યત્ર ફેરવાતા જુની ઓફિસની જગ્યા શ્રી લાપસીયાને રહેવા માટે આપી. તેઓ એમના ધર્મપત્નીને દેશમાંથી તેડાવી અને એમના દત્તક પુત્ર જયચંદને લઈ અહીં રહેવા આવ્યા. ધીમે ધીમે અમે શ્રી લક્ષ્મીચંદભાઈથી પરિચિત થયા અને અમારો ડર નીકળી ગયો. તેઓ અમારી સાથે ઘણી વખત રમતમાં પણ જોડાતા. શ્રી પાટણ જૈન મિત્ર મંડળ હેઠળ અનેક સંસ્થાઓ હતી તેમાંની એક પાટણ સ્થિત અમારી બોર્ડિંગ પણ હતી, જેમાં થોડા વરસો બાદ હું પણ દાખલ થયો. તેઓ દર બે મહિને નિયમિત વહીવટ અને સંચાલન તપાસવા માટે આવતા. સવારે ૧૦.૩૦ વાગે બોર્ડિંગના કમ્પાઉન્ડમાં ઘોડાગાડી આવે એટલે અમે સમજી જતા કે લક્ષ્મીચંદભાઈ આવી ગયા છે. મારી એમની સાથે જૂની ઓળખાણને કારણે મને પાસે બોલાવતા અને બોર્ડિંગની અને વહીવટની રજેરજ માહિતી, બનાવોની વિગતો આગોતરી મેળવી લેતા જેવી કે વહીવટ કેમ ચાલે છે, છાત્રોને જરૂરી સગવડ મળે છે કે કેમ, અભ્યાસ અને ઈતર પ્રવૃતિઓ બરાબર ચાલે છે કેમ? પછી ગૃહપતિ અને અન્ય વહીવટકારોને પૂછતા. ક્યાંક પણ ખોટું જણાય તો એમને અમારી પાસેથી માહિતી મેળવેલી હોઈ અધિકારીઓની ધૂળ કાઢી નાખતા. જરૂરી સુધારા અને સૂચનો આપતા અને તેનો યોગ્ય અમલ થાય તે પર ચાંપતી નજર રાખતા. અધીકારી તથા સંચાલકો એમનાથી ડરતા.

પાટણ સમાજમાં ઘણા શ્રીમંત શ્રેષ્ઠીઓ હતા પણ લક્ષ્મીચંદભાઈનું ખૂબ જ માન, કોઈ તેમની સામે હરફ ન ઉચારે. એમણે પોતાની આગવી સૂઝથી અમારી અનેક

સંસ્થાઓમાં સુધારા લાવ્યા અને ઘણી સંસ્થાઓનું એકીકરણ કર્યું. તેઓ કુશળ વહીવટકાર, ચુસ્ત શિસ્તના આગ્રહી અને આપની જ્ઞાતિની અનેક સંસ્થાઓના અનુભવી જાણકાર હોઈ અમારા સમાજને ઘણો ફાયદો થયો. ફંડ એકત્ર કરવાની એમની આગવી સૂઝ હતી. જીવનના અંત સુધી પાટણ જૈન મિત્ર મંડળને સેવા આપી. અમારા સમાજે પણ એમની સેવાની યોગ્ય કદર કરી. અન્ય જ્ઞાતિની વ્યક્તિના આવા પ્રત્યુત્તરથી ખૂબ ગર્વ થયો.

આપણે જાણીએ છીએ કે ફ્રેન્ડલી યુનિયન સ્થાપવા અને જ્ઞાતિનું મુખપત્ર શરૂ કરવામાં શ્રી લાપસિયા અગ્ર હતા. સ્કૂલ/કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ ફ્રેન્ડલી યુનિયનના શરૂઆતના સભ્યો હતા જેઓએ જ્ઞાતિના આગેવાનો અને પટેલશાહીની જોહુકમી દૂર કરવા, કુરિવાજો અને અંધશ્રધ્ધામાં સબડતી જ્ઞાતિને જાગૃત કરવાનું બીડું ઉઠાવ્યું અને જ્ઞાતિનું મુખપત્ર શરૂ કરવાની હામ ભીડી.

એક માસિક ચલાવવાનો, લેખો લખવાનો, ચિત્રો મેળવવાનો, અને છાપવાનો અનુભવ હતો, પ્રિન્ટર સાથે ઓળખાણ પણ ખરી પરંતુ મૂળ પ્રશ્ન જરૂરી મૂડીનો હતો. અંદાજે વાર્ષિક અંક કોપી ખર્ચ રૂા. ૨૫૦ જેટલો હતો પણ તે લાવવો કયાથી તે મૂળ પ્રશ્ન? કારણ, એટલી રકમ મેળવવી ખૂબ મુશ્કેલ. સમાજમાં વધુ કોપીઓ વેંચાણથી ખપશે તેની આશા નહીં તેમજ જાહેરાત મળવી પણ મુશ્કેલ. રકમને કેમ પહોંચી વળવું તેની દ્વિધા. ફ્રેન્ડલી યુનિયનના કાર્યકરો કામ કરવા તૈયાર પણ આર્થિક રીતે કોઈ પણ સદ્ધર નહીં. બધા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ. એ વખતે આગળ આવ્યો ગોરખડીનો બોર્ડિંગમાં અભ્યાસ કરતો એક વિદ્યાર્થી શ્રી ધર્મસિંહ નથુભાઈ ધરમસી (અગાઉ આપણામાં નામ અને અટક ઘણામાં સરખી જોવા મળતી) એમણે આગળ આવી કહ્યું ''આગળ વધો, રૂા. ૨૫૦ ખર્ચ આપવા હું તૈયાર છું. આપણે આ કામ આગળ ધપાવવું જોઈએ. આજથી ૧૦૦ વરસ પહેલા આ રકમ નાનીસુની ન હતી. શ્રી લક્ષ્મીચંદ લાપસિયા નોંધે છે કે શ્રી ધર્મસિંહની ઓફરથી એમનામાં હિંમત આવી અને આમ 'પ્રકાશ' (હાલનું 'પ્રકાશ-સમીક્ષા'નો જન્મ થયો. મારે વાત આજે વાત કરવી છે આ ઉદારદીલ જ્ઞાતિ હિતચિંતક શ્રી ધર્મસિંહ નથુભાઈની

પિતા નથુભાઈ હરપાર હીરજી તેજપાર, ગામ ગોરખડી, માતા મોંઘીબાઈનું શ્રી ધર્મસિંહ બીજું સંતાન. અન્ય ભાઈ-બહેનોમાં મોટા ભાઈ શામજીભાઈ અને નાના ભાઈ- બહેનો પાસુભાઈ, મોતીબાઈ, જમનાબાઈ, કુંવરજી અને રતનબાઈ. પિતા ગામડે નાની હાટડી ચલાવી માંડમાંડ જીવન નિર્વાહ ચલાવતા.

ભાઈ ધર્મસિંહ ભણવામાં હોંશીયાર. બાળવયમાં ગામઠી નિશાળમાં થોડું ઘણું શિક્ષણ પામી મુંબઈની આપણી બોર્ડિંગમાં દાખલ થયા જ્યાં તેઓએ ૧૦ વર્ષ ઉપરાંત કેળવણી મેળવી. આપણી સંસ્થામાં આંગળીના વેઢે ગણી શકાય તેવા ઉચ્ચ કેળવણી પામેલા વિદ્યાર્થીઓમાંના એક હતા. ઈ.સ. ૧૯૨૫ના પ્રથમ વસ્તી પત્રકની યાદીમાં બોર્ડિંગમાં ભણતા છાત્રોની સંખ્યા ૪૨ બતાવી છે તેમાં એ વખતે સૌથી ઉચ્ચ શ્રેણીમાં અભ્યાસ કરતા છાત્રમાં એમનું નામ પ્રથમ બતાવેલ છે. પ્રિવિયસમાં અભ્યાસ, વય ૨૧ અને વરેલ દર્શાવેલ છે. મેટ્રિક પરીક્ષા પાસ કરી તેઓ સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં વધુ અભ્યાસ માટે જોડાયા. એક વિદ્યાર્થી તરીકેની તેમની કારકિર્દી ઘણી જવલંત હતી. શ્રીમાન શેઠશ્રી ખેતસી ખીંયસી ધુલ્લાના માનમાં શ્રી લીમડીના નામદાર ઠાકોર સાહેબ તરફથી પ્રતિવર્ષ અપાતો સુવર્ણપદક મેળવવાને ભાઈ ધર્મસિંહ ભાગ્યશાળી થયા હતા, ઉપરાંત શ્રી બાબુ પન્નાલાલ હાઈસ્કૂલમાં અપાતી વિવિધ સ્કોલરશીપો મેળવેલ. કોલેજમાં પણ પરજાઉના શેઠશ્રી વર્ધમાન જેતસી સ્કોલરશીપ તેઓએ મેળવેલ.

ભાઈ શ્રી ધરમશીનો સ્વભાવ શાંત અને સહનશીલ હતો. પોતાનાથી નાના વિદ્યાર્થી બંધુઓ પ્રત્યે અપાર પ્રેમ અને લાગણી હતી. જ્ઞાતિ સેવાની અપાર ભાવના. તેઓ જૈન બાળમિત્ર મંડળ, શ્રી ક.દ.ઓ. જૈન વિદ્યાર્થી મંડળ, શ્રી સાહિત્યભિલાષી મંડળ, શ્રી ફ્રેન્ડલી યુનિયન વગેરે સંસ્થામાં તથા શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન પાઠશાળાની લાઇબ્રેરીની વ્યવસ્થા જાળવવામાં ઉત્સાહપૂર્વક

ભાગ લઈ સમાજની દરેક યુવા પ્રવૃતિમાં મોખરે હતા. ઉપરાંત દેશ ભાઈઓની ઉન્નતિના અર્થે શ્રી સંયુક્ત હિત વર્ધક મંડળની યોજના ઉપાડી તે ઉભું કરવામાં તેની મુખ્ય સહાય હતી.

તેઓએ 'પ્રકાશ'ના પ્રથમ વર્ષનો સંપૂર્ણ ખર્ચ ભોગવ્યો એટલું જ નહીં પણ પ્રકાશમાં પોતાના લેખોનું પણ યોગદાન આપ્યું. ધર્મસિંહે પ્રથમ વર્ષના અંકમાં એક વાર્તા 'શ્રદ્ધા કે ઉદારતા' જે સત્ય ઘટના આપણા નાગડા ગોત્રમાં થઈ ગયેલ પૂર્વજ રામૈયા અને પસાઈયા બંધુની નેકી, જાહોજલાલીનું પ્રેરણાદાયક દ્રષ્ટાંત છે.

'પ્રકાશ'ના બીજા વર્ષના અંકમાં 'ભૂલી જતા શીખો' લેખમાં જીવનની મોટી ફિલોસોફી સમજાવતો હોય અને ધર્મસિંહ કદાચ પોતાના મૃત્યુને જાણી ચૂક્યો હોય તેમ જીંદગીની અસારતા અને આધ્યાત્મિકતા એમના લેખમાં જોવા મળે છે. તેઓ લખે છે અનિશ્ચિત અને અલ્પાયુ જીવનને સરળ બનાવી નિષ્કંટક જીવન ગાળવાનો, આધિ વ્યાધિ અને ઉપાધીનો નાશ કરી અમર થવાનો સરળ ઉપાય ભૂલી જવું એજ છે.

**ભૂલી જવું જગતના સૌ વેર તજવા,**
**ભૂલી જવું જગતમાં સુખ શાંતિ ભરવા,**
**ભૂલી જવું તન-મને સહુ રાગ હણવા,**
**ભૂલી જવું પ્રભુપદે નીજ વાસ કરવા.**

આગળ જતા ઉજવળ કારકીર્દી બનાવી સારી નામના પ્રાપ્ત કરી શકે એવો તેજસ્વી વિદ્યાર્થી દેખાતો હતો. પરંતુ વિધિના નિર્માણ કંઈક ઓર જ હતા. કોલેજમાં જોડાયા પછી ધર્મસિંહની પ્રકૃતિ કંઈક શિથિલ થવા માંડી અને દિવસે દિવસે તબિયત લથડવા માંડી પરિણામે કંઠમાળનો જીવલેણ વ્યાધી લાગુ પડયો. તેના ઉપચાર અર્થે અભ્યાસથી તેને અધવચ્ચે નિવૃત્ત થઈ આરામ લેવા તેમના ઘણા મિત્રો અને હિતેચ્છુઓએ સમજાવ્યો. પરંતુ અમુક સંજોગોવસાત તથા ઉદ્યમવશ પ્રકૃતિને લઈને તેઓ જરા બેદરકાર રહ્યા અને એ બેદરકારીએ એક ભયંકર વ્યાધિનું રૂપ ધારણ કર્યું. તેને હટાવવા મુંબઈ, રાજકોટના ડોકટરોના હાથે ઓપરેશન પણ કરાવ્યા પણ કાંઈ જ ફાયદો થયો નહીં. અનેક ઉપચાર કર્યા પણ કહેવાય છે કે આયુષ્ય હોય તો ઉપાય કામ લાગે.

પ્રકાશનો ત્રીજા વરસનો અંક દીવાળી, ઈ.સ. ૧૯૨૭ના બહાર પડ્યો જેમાં એમનો લેખ પાંચ જરૂરિયાતો (૧) વ્યાયામ શાળાની જરૂરિયાત, (૨) સ્વબચાવ માટે સંરક્ષણના ઉપાયો શિખવા. (૩) આજના શિક્ષણમાં ફેરફાર અને ધાર્મિક શિક્ષણ પર ભાર (૪) પુસ્તકાલયની જરૂરિયાત (૫) સ્વંય સેવક મંડળ અને જ્ઞાતિનું માસિક હોવું ની રજૂઆત કરી છે. કમનસીબે પ્રકાશના ત્રીજો અંક બહાર પડયો તે જોવા તેઓ ભાગ્યશાળી ન નીવડયા. તા. ૫.૭.૧૯૨૭ના આખરે ત્રણ વરસની લાંબી બીમારી ભોગવી ૨૩ વરસની વયે એમણે આ જગતમાંથી વિદાય લઈ લીધી.

એમણે ઘણા મનનીય લેખો તથા નિબંધો લખ્યા અને જેમાંના કેટલાક અપ્રગટ જ રહી ગયા. આ યુવકનું અવસાન અત્યંત ખેદમય તથા દુઃખદ થઈ પડે એ સ્વાભાવિક છે. ખરેખર જ્ઞાતિએ ઉગતો આશા આપનાર સિતારો ગુમાવ્યો.

જ્યારે સામાન્ય માણસોનો મહિનાનો પગાર માંડ ૧૦ થી ૧૫ રૂપિયા હતો એવા સમયે અર્થ ઉપાર્જન ન કરતો હોવા છતાં પોતાની ખિસ્સા ખર્ચી, સ્કોલરશીપો, ઈનામોની રકમમાંથી 'પ્રકાશ'ના એક વરસનો તમામ ખર્ચ રૂા. ૨૫૦ જેટલી માતબર રકમ જ્ઞાતિ જાગૃતિ અને ઉત્થાનમાં આપી દેવી કેટલું મોટું યોગદાન!!! 'પ્રકાશ' આવા પાયાના પથ્થરોને કારણે આજે ૧૦૦ વરસે પણ અડીખમ ઉભું છે. ટુંકી જીંદગીમાં પણ મનુષ્ય કેટલી સુવાસ રેલાવી શકે છે તેનું સફળ દ્રષ્ટાંત શ્રી ધર્મસિંહ નથુભાઈનું જીવન છે. આજે એમના પરિવારમાં એમના ભાઈ કુંવરજીભાઈના સંતાનો હીરાચંદ તથા ભરત હયાત છે.

આવો, 'પ્રકાશ' (પ્રકાશ-સમીક્ષા)ના શતાબ્દી વરસે આ વીરલ વ્યક્તિને આદરાંજલી અર્પીએ...

# શ્રી કચ્છી દશા ઓશવાળ સેવક ભરૂડીયા અચલગચ્છ જૈન સંઘ

આ વરસના પર્યુષણ પર્વ દરમ્યાન ગામવાસીઓ તથા દેશાવર વસતા દરેક ભાઈ – બહેનોએ બહુજ હર્ષ તથા ઉલ્લાસથી પર્વની રૂડી રીતે ઉજવણી કરી તથા ગામવાસીઓએ ઉછળતા ભાવે સાથ આપેલ તેની નામાવલી નીચે મુજબ છે.

**પર્યુર્ષણ પર્વ તા. ૨૦.૮.૨૦૨૫ થી ૨૮.૮.૨૦૨૫ના સાધાર્મિક ભક્તિના દાતાઓની નામાવલી.**

| લાભ | દાતા પરિવારનું નામ | રહેઠાણ |
|---|---|---|
| | તા.૨૦.૮.૨૦૨૫ | |
| નવકારશી | માતુશ્રી ચંદનબેન લક્ષ્મીચંદ મુલચંદ દંડ પરિવાર | ડોંબિવલી |
| બપોરનું જમણ | માતુશ્રી મુરબાઈ દામજી ધુલ્લા પરિવાર | મુલુંડ |
| બપોરની ચા | માતુશ્રી ચંદનબેન લક્ષ્મીચંદ મુલચંદ દંડ પરિવાર | ડોંબિવલી |
| ચૌવિહાર | માતુશ્રી ધનલક્ષ્મી માણેકજી દંડ પરિવાર | દહિસર |
| | તા. ૨૧.૦૮.૨૦૨૫ | |
| નવકારશી | માતુ શ્રી નવલબેન મણીલાલ દંડ (નવ–મણી) પરિવાર | મુલુંડ |
| બપોરનું જમણ | માતુશ્રી નવલબેન મણીલાલ દંડ (નવ–મણી) પરિવાર | મુલુંડ |
| બપોરની ચા | માતુશ્રી રંજનબેન રામજી પદમશી દંડ | ચિતોડગઢ |
| | તા. ૨૨.૦૮.૨૦૨૫ | |
| નવકારશી | માતુશ્રી નવબેન જેઠાલાલ દંડ પરિવાર | મુલુંડ |
| બપોરનું જમણ | માતુશ્રી નવલબેન મણીલાલ દંડ (નવ–મણી) પરિવાર | મુલુંડ |
| બપોરની ચા | માતુશ્રી રંજનબેન રામજી પદમશી દંડ | ચિતોડગઢ |
| | તા. ૨૩.૦૮.૨૦૨૫ | |
| નવકારશી | શ્રી મણીકાંત મુલચંદ દંડ | સાંતાક્રુઝ |
| બપોરની ચા | માતુશ્રી વિમલાબેન પ્રવિણ ભાણજી લોડાયા | ડોંબિવલી |
| | તા. ૨૪.૦૮.૨૦૨૫ | |
| નવકારશી | અ. સૌ. મધુબેન પ્રવિણ વીરજી દંડ પરિવાર | મુલુંડ |
| બપોરનું જમણ | માતુશ્રી સોનબાઈ હંસરાજ નરશી ધરમશી | મુલુંડ |
| મીઠા સાટાની પ્રભાવના | માતુશ્રી મણીબાઈ જેતશી ગોવિંદજી દંડ પરિવાર | ઘાટકોપર |
| બપોરની ચા | અ. સૌ. મધુબેન પ્રવિણ વીરજી દંડ પરિવાર | મુલુંડ |
| ચૌવિહાર | માતુશ્રી તારાબેન કુંવરજી દંડ પરિવાર | મુલુંડ |
| | તા. ૨૫.૦૮.૨૦૨૫ | |
| નવકારશી | માતુશ્રી ઉષાબેન દિનેશ મણીલાલ દંડ | ડોંબિવલી |
| બપોરની ચા | માતુશ્રી રંજનબેન રામજી પદમશી દંડ | ચિતોડગઢ |
| | તા. ૨૬.૦૮.૨૦૨૫ | |
| નવકારશી | માતુશ્રી પન્નાબેન જયંતીલાલ દંડ પરિવાર | થાણા |
| બપોરની ચા | માતુશ્રી રંજનબેન રામજી પદમશી દંડ | ચિતોડગઢ |
| | તા. ૨૭.૦૮.૨૦૨૫ | |
| નવકારશી | માતુશ્રી પુરબાઈ કુંવરજી દંડ પરિવાર–ચુન્નાભટ્ટી | માટુંગા |
| પ્રભાવના બુંદીના લાડુ | માતુશ્રી મણીબાઈ જેતશી ગોવિંદજી દંડ પરિવાર | ઘાટકોપર |
| બપોરની ચા | માતુશ્રી રંજનબેન રામજી પદમશી દંડ | ચિતોડગઢ |
| શ્રીફળ પ્રભાવના | માતુશ્રી ખમ્માવતી ચંદ્રેશ દંડ | ઉદેપુર |
| | તા. ૨૮.૦૮.૨૦૨૫ | |
| પારણા, નવકારશી તથા બપોરનું જમણ | માતુશ્રી મણીબાઈ જેતશી ગોવિંદજી દંડ પરિવાર | ઘાટકોપર |

**પર્યુષણ પર્વ ૨૦૨૫–૨૬ના સાધારણ ખાતે આવેલ દાતાઓની નામાવલી**

| દાતા પરિવારનું નામ | રૂપિયા | રહેઠાણ |
|---|---|---|
| માતુશ્રી સરોજબેન માણેકજી રૂપશી લોડાયા | ૧૧૦૦૦ | મોટી ખાવડી |
| માતુશ્રી મુરબાઈ દામજી ધુલ્લા પરિવાર | ૫૫૫૫ | મુલુંડ |
| માતુશ્રી લીલાવંતીબેન જીવરાજ દંડ | ૫૦૦૧ | મુલુંડ |
| માતુશ્રી પ્રેમીલાબેન વેલજી કેશવજી દંડ પરિવાર | ૩૩૩૩ | સોલાપુર |
| માતુશ્રી નવલબેન જેઠાલાલ દંડ પરિવાર | ૨૧૦૦ | મુલુંડ |
| શ્રી સેવક ભરૂડિયા હિતવર્ધક મંડળ | ૫૦૦૧ | ભરૂડીયા |
| માતુશ્રી નવલબેન મણીલાલ દંડ (નવ–મણી) પરિવાર | ૨૫૦૦ | મુલુંડ |
| માતુશ્રી જયવતીબેન મુલચંદ દંડ પરિવાર | ૨૫૦૦ | સાંતાક્રુઝ |
| માતુશ્રી ઈન્દુબેન મણીલાલ વીરજી દંડ પરિવાર | ૨૧૦૦ | ડોંબિવલી |
| માતુશ્રી મોતીબાઈ પદમશી દંડ પરિવાર | ૨૫૨૫ | મુલુંડ |
| માતુશ્રી વનીતાબેન પ્રવિણચંદ્ર દંડ | ૨૫૦૧ | મુલુંડ |
| માતુશ્રી વિજયાબેન ગુલાબ ધુલ્લા પરિવાર | ૨૫૦૧ | ઘાટકોપર |
| માતુશ્રી સરલાબેન કુંવરજી દંડ | ૧૦૦૧ | ભરૂડીયા |
| કસ્તુરીબેન કલ્યાણજી પોલડીયા | ૫૦૧ | નવી મુંબઈ |
| જયવંતીબેન શામજી સાવલા | ૫૦૧ | |
| માતુશ્રી ગુણવંતીબેન મુલચંદ દંડ | ૧૫૦૧ | ડોંબિવલી |
| માતુશ્રી સોનબાઈ કાનજી દંડ | ૧૧૧૧ | ડોંબિવલી |
| બીનલ નરેન્દ્ર દંડ | ૧૧૧૧ | ભાયખલા |
| શ્રીમતી સ્નેહા વરૂણ ચેરી | ૧૧૧૧ | પુના |
| માતુશ્રી સરોજબેન સોમચંદ લોડાયા | ૧૧૧૧ | ભરૂડીયા |
| રતીલાલ પદમશી ધરમશી | ૧૦૦૦ | ભરૂડીયા |
| માતુશ્રી પ્રેમીલાબેન જેઠાલાલ ધુલ્લા | ૧૧૧૧ | ભરૂડીયા |
| માતુશ્રી દિવ્યાબેન વિસનજી નાગડા | ૧૧૧૧ | ભરૂડીયા |
| શેઠશ્રી હંસરાજ નરશી ધરમશી | ૧૧૧૧ | થાણા |
| માતુશ્રી હેમલતાબેન રામજી ખોના | ૧૧૧૧ | કાંદિવલી |
| માતુશ્રી આશાબેન ધીરજલાલ ખોના | ૧૧૧૧ | ભરૂડીયા |
| માતુશ્રી દેકાબેન રામજી ધુલ્લા | ૧૦૦૦ | ભરૂડીયા |
| માતુશ્રી લક્ષ્મીબેન રજનીકાંત ધરમશી | ૧૧૧૧ | ભરૂડીયા |
| માતુશ્રી લક્ષ્મીબેન રજનીકાંત ધરમશી | ૧૧૧૧ | ભરૂડીયા |

cont...

## સ્વપ્નની ઉછામણીના ભાગ્યશાળીઓની નામાવલી

| શ્રી સ્વપ્ન | દાતા પરિવારનું નામ | રહેઠાણ |
|---|---|---|
| મોક્ષની બારી | માતુશ્રી મુરબાઈ દામજી ધુલ્લા, હ. તારાબેન નવિનચંદ્ર ધુલ્લા પરિવાર | ડોંબિવલી |
| ગજરાજ | માતુશ્રી ચંદ્રબેન અરવિંદ દંડ પરિવાર, હ. સંજય, મેહુલ, હિતેશ | ભરૂડીયા |
| વૃષભ | માતુશ્રી કંચનબેન વીરચંદ દંડ, હ. મૃદુલા હરીશ દંડ | ડોંબિવલી |
| કેશરીસિંહ | માતુશ્રી કંચનબેન વીરચંદ દંડ, હ. અરૂણાબેન અશ્વિન દંડ પરિવાર | મુલુંડ |
| મહાલક્ષ્મી | માતુશ્રી લીલાવંતીબેન જીવરાજ દંડ, હ. ચંદનબેન નેમચંદ દંડ પરિવાર | મુલુંડ |
| પુષ્પની માળા | માતુશ્રી ધનબાઈ રૂપશી દંડ, હ. રંજનબેન અરવિંદ દંડ | સેવક ભરૂડીયા |
| ચંદ્ર | માતુશ્રી લીલાવંતીબેન જીવરાજ દંડ, હ. કચંનબેન ગીરીશ દંડ | મુલુંડ |
| સુર્ય | માતુશ્રી લીલાવંતીબેન જીવરાજ દંડ, હ. રેખાબેન દિલીપ દંડ | ડોંબિવલી |
| ધર્મની ધજા | માતુશ્રી નવલબેન મણીલાલ દંડ (નવ-મણી) પરિવાર | મુલુંડ |
| કળશ | માતુશ્રી નવલબેન જેઠાલાલ દંડ પરિવાર | મુલુંડ |
| પદમ સરોવર | શ્રીમતી ભાવનાબેન વનરાજ ધુલ્લા, હ. પ્રિયંકા નીખીલ ધુલ્લા, ખુશ્બુ ચીરાગ ધુલ્લા | મુલુંડ |
| ક્ષીર સમુહ | માતુશ્રી વેજબાઈ ભાણજી લોડાયા, હ. વિમલાબેન પ્રવિણ ભાણજી લોડાયા | |
| | હ. ખમાવંતી જીવરાજ ભાણજી લોડાયા | ડોંબિવલી |
| દેવ વિમાન | માતુશ્રી નવલબેન મણીલાલ દંડ (નવ-મણી) પરિવાર | મુલુંડ |
| રત્નની રાશી | માતુશ્રી નવલબેન મણીલાલ દંડ (નવ-મણી) પરિવાર | મુલુંડ |
| અગ્નિ શીખા | માતુશ્રી કંચનબેન વીરચંદ દંડ, હ. મીતા હિરેન દંડ પરિવાર | મુલુંડ |

### આદેશ લેનાર ભાગ્યશાળી પરિવાર

(૧) કલ્પસુત્ર પધરાવવાનું : વનરાજ દામજી ધુલ્લા, હ. પ્રિયંકા નીખીલ ધુલ્લા, ખુશ્બુ ચીરાગ ધુલ્લા. કલ્પસુત્ર પોંખવાનું : કસ્તુરબેન કલ્યાણજી પોલડીયા - નવી મુંબઈ. કલ્પસુત્ર દેરાસરમાં આવે ત્યારે પોંખવાનું : માતુશ્રી હેમલતાબેન જયંતીલાલ ધુલ્લા, હ. દીપા યોગેશ ધુલ્લા, હેમલ ઉમેશ ધુલ્લા. સ્વપ્ન દરમ્યાન ઝાલર, ચામર, ધુપ : માતુશ્રી હેમલતાબેન જયંતીલાલ ધુલ્લા. પારણું ઝુલાવવાનું : માતુશ્રી વેજબાઈ ભાણજી લોડાયા, હ. ખંમાવતીબેન જીવરાજ ભાણજી લોડાયા. પારણું પધરાવવાનું : માતુશ્રી નવલબેન મણીલાલ દંડ (નવ-મણી) પરિવાર. સંઘની જાજમ પાથરવાનું : માતુશ્રી નવલબેન મણીલાલ દંડ (નવ-મણી) પરિવાર. સંઘના મુનીમ બનવાનું : માતુશ્રી નવલબેન મણીલાલ દંડ (નવ-મણી) પરિવાર. દ્વાર ઉદઘાટન : ખમાવંતી ચંદ્રેશ દંડ હ. હિરલ હિતેશ દંડ, હર્ષલ દંડ. સ્વપ્નના લાભાર્થીનું બહુમાન અને તિલક કરવાનું : અ. સૌ. ભાવનાબેન વનરાજ ધુલ્લા. ઝાલર : વનરાજ દામજી ધુલ્લા હસ્તે. પ્રિયંકા નીખીલ, ખુશ્બુ ચીરાગ ધુલ્લા. ચામર : ભોજરાજ દામજી ધુલ્લા. ધુપ : જયંતીલાલ દામજી ધુલ્લા. કળશ : નવિનચંદ્ર દામજી ધુલ્લા, (દિપક) રાયચંદ દામજી ધુલ્લા. આરતી : માતુશ્રી મુક્તાબેન દામજી ધરમશી. મંગલ દિવો : અ. સૌ. ભાવનાબેન વનરાજ ધુલ્લા. બારસા સુત્ર વોહરાવવાનું : માતુશ્રી દિવ્યાબેન વિસનજી નાગડા, હ. પંક્તિ હીરેન નાગડા.

ગામવાસીઓએ તન-મન-ધનથી આપેલ સાથ સહકાર બદલ સંઘ સદા આપનો ખૂબ ખૂબ આભારી છે. આપ સર્વે ગામ વાસીઓને મિચ્છામી દુક્કડમ.

## લિ. શ્રી કચ્છી દશા ઓશવાળ સેવક ભરૂડીયા અચલગચ્છ જૈન સંઘ

વનિતા
વિશ્વ

# દીકરા સાથે રહેવું જરૂરી છે?

- માલતી હરીશ ધરમશી-નવી મુંબઈ, Mo. 98692 89345
E-mail : maltidharamsi@gmail.com



ગઈકાલે કબાટની સાફ-સફાઈ કરતા મને મુંબઈ સમાચાર વર્તમાન પત્રનો ૨૦૦૯નો એક અંક મળ્યો. એ શુક્રવારનું હતું જ્યારે 'વામા' વિશેષ અંક આવતું. એમાં એક મથાળું વાંચ્યું 'દીકરા સાથે રહેવું જરૂરી છે?'. ખરેખર આ એક ગહન વિષય છે. આપણે સંયુક્ત પરિવારમાં રહેલા હોઈએ જ્યારે ફક્ત મા-બાપ નહીં, પણ દાદા દાદી, કાકા કાકી, આપણા કઝિન બધા સાથે જ મોટા થયા હોઈએ. ઘણી વખત તો આપણા નજીકના સગાઓના સંતાનોને ભણવું હોય કે નોકરી કરવી હોય, જ્યાં સુધી એમનું ગોઠવાઈ ન જાય, બિન્દાસ આપણા ઘરે રહે. એ પણ બે ચાર દિવસ માટે નહીં બે ચાર વર્ષ માટે પણ રહી જાય. એમાં કોઈ છોછ ન અનુભવાય.

પણ આજે સમય બદલાયો છે. ન્યુકલીયર ફેમિલીવાળાને ( એટલે કે એકાદ સંતાનવાળા પરિવાર) કોઈ મહેમાન આવે તો ગમતું નથી. એમાં સાથે માબાપ રહેતા હોય અને એમને મળવા કોઈ આવવાનું હોય તો સવાલોની વણજાર શરૂ થઈ જાય. કોણ આવે છે? ક્યારે આવે છે? કેટલા સમય માટે આવે છે? બે ચાર દિવસ  રોકાવાના હોય તો એમના મૂડ બગડી જાય છે .

ત્યારે એમ થાય કે જેમને સંતાન નથી એ જ આ દુનિયામાં સૌથી સુખી છે. જેમના સંતાન છે, એમણે શું સુખ જોયું? હા, મા બાપ બનવાનો ઇલ્કાબ મળ્યો. બાકી તો જન્મથી લઈને એને ઉછેરવામાં, ભણાવવામાં, ઠેકાણે પાડવામાં એમની અડધી જિંદગી લગાડી દીધી હોય. લગ્ન કરાવ્યા બાદ જ્યારે માતા પિતા વિચારે કે હવે આપણે ઠરીઠામ થઈશું ત્યાં દીકરા તથા વહુના ગમા અણગમાથી ઘણી વખત સંબંધમાં તિરાડ પડી જાય છે. જે ગઈકાલ સુધી પોતાની મરજી મુજબ ઘર ચલાવતી, રસોઈ રાંધતી, ખવડાવતી, ઘરનો વ્યવહાર ચલાવતી, એ મા અચાનક 'ગમાર' બની જાય છે. દીકરાઓ અને વહુઓ દ્વારા તને આમાં ખબર ના પડે, તારે વચ્ચે બોલવું નહીં, વગેરે મેણા ટોણા શરૂ થઈ જાય છે. આનો ઉપાય શું?

જેમ એક પંખી માળો બાંધે, ઈંડા આપે, અને હેચ કરે, એમાંથી બચ્ચા આવે ત્યારે એમને ખૂબ જતનથી ખવડાવે, પીવડાવે, ઉડતા શીખવાડે. અને જ્યારે બચ્ચાઓને પાંખ ફૂટે ને ઉડતા બરોબર શીખી જાય એટલે એ ક્યાંના ક્યાં ઉડી જાય છે. એ ફરી પાછા ઘરે નથી આવતા. જેમ આજના છોકરાઓ ભણવાના નામે અથવા જોબના નામે દેશ અથવા પરદેશ ચાલ્યા જાય અને લગભગ ત્યાં જ સેટલ થઈ જાય છે, તો એમાં કશુંય ખોટું નથી .

મા-બાપ બનીને આપણે આપણી ફરજ પૂરી કરવાની. સંતાનોને એમનું આસમાન માપવા પોતાની રીતે  જીવન માણવા દેવાનું. આપણે હસ્તક્ષેપ કરવાનું મૂકી દેવું જોઈએ. પણ આપણે એક ભૂલ કરીએ છીએ. મિડલ ક્લાસવાળા મા-બાપ ઘણીવાર એમની હદ બહાર જઈને છોકરાઓના ભણતર પાછળ, લગ્ન પાછળ, એટલું બધું ખર્ચી નાખે છે કે પછી પોતાના રિટાયરમેન્ટ પછી એમની પાસે કોઈ બચત મિલકત રહેતી નથી. આમ પણ આપણી જ્ઞાતિજનો પ્રાઈવેટ કંપનીમાં જ સર્વિસ કરતા હોય છે અને જે દિવસે નોકરી ખતમ થાય એટલે ઇન્કમ બંધ. (ગવર્મેન્ટ સર્વિસવાળાની વાત અલગ છે) અને એટલે જ પછી આપણે આપણા સંતાનો પર ડીપેન્ડેન્ટ એટલે કે પરાવલંબી થઈ જઈએ છીએ. જે સંતાનોએ હજી માંડ કમાવાનું શરૂ કર્યું હોય એમના પણ સપના હોય, એમને પણ ખર્ચા કરવા હોય, માટે જ આપણે પૈસાની બાબતમાં એટલા સશક્ત બનવું કે સંતાન હોય કે ન હોય આપણે આપણી વૃદ્ધાવસ્થાની વ્યવસ્થા કરી લેવી જરૂરી છે. તો આપણે કોઈ દિવસ દુઃખી ન થઈએ અને ન કોઈને દુઃખી કરીએ .

બરોબર ને ?તમારું શું કહેવું છે? જણાવશો પ્લીઝ?

***

# મિત્રો

ઇન્દ્રધનુષ્ય જેવા સુંદર છે મિત્રોના રંગ, અપાર આનંદ મળે જયારે મિત્રો હોય સંગ.
એ મસ્તી, એ તોફાનથી ઝૂમી ઊઠે અંગ અંગ, એમનો સાથ,એમનો સહકાર મનમાં જગાવે મીઠી ઉમંગ.
મિત્રોને મળવા નથી જોઇતો કોઈ વાર, તહેવાર કે પ્રસંગ.
દોસ્તીનો નશો ચડતો રહે સદંતર, એ દોસ્ત જ છે જે જાણે શું છે દિલની અંદર.
એવીજ મિત્રતા ચાલ્યા કરે નિરંતર, યારોનો સાથ હોય તો વાઘ સામે ઉંદર પણ બને સિકંદર.
મિત્રો પાસે દુઃખ દૂર કરવાની દવા છે,વગર માગ્યે અપાતી સલાહ છે.
મુખ પર સ્મિત લાવવાની કળા છે, કદી ન તૂટે એવો અતૂટ બંધન છે.
જેમાં વિશ્વાસ અને ભરોસો છે, અપેક્ષા વિના કંઈક કરવાની ધગશ છે.
વગર બોલે સમજવાની સમજ છે, હું છું ને, બોલી આત્મવિશ્વાસ વધારવાની હિંમત છે.
જેને સાચા ખોટાની પરખ છે, મારો મિત્ર મારી ઓળખ છે.
છે અપૂર્ણ જીવન મિત્ર વિનાની મિત્રતા, જે દરેક પરિસ્થિતિમાં રાખે સમતા.
એની સાથે બધી મુશ્કેલીઓ દૂર થાય રમતા રમતા.
કદી ઓછી ન આંકવી દોસ્તીની ક્ષમતા, કયારેક મા બની છલકાવે છે મમતા.
ગૂંચવાઈ ગયેલા, અસ્થિર મનને આપે છે સ્થિરતા.
દુનિયાની કોઈ પણ વસ્તુ યારી સામે છે એકદમ ફેલ,
એની સાથે તો મુસીબતોનો સામનો કરવો એ છે મામૂલી ખેલ.
સોના ચાંદી,હીરા મોતી ધન દૌલત આ બધું છે હાથનો મેલ,
મિત્રની મિત્રતા માપવા નથી જોઈતી કોઈ મશીન કે સ્કેલ.
વિના બોલે મનની વાત સમજે એ છે સાચો મિત્ર,
મુસ્કાન પાછળ છુપાયેલા આંસુ જે જોઈ શકે એ છે સાચો મિત્ર.
જરૂર પડે ખભાથી ખભો મિલાવી ઊભો રહે એ છે સાચો મિત્ર,
માની જેમ લાડ લડાવે,પિતાની જેમ ભૂલ સુધારે એ છે સાચો મિત્ર.
જેના માત્ર નામથી ખુશી થાય એ છે સાચો મિત્ર,
જે મારી ખુશીમાં ખુશ ને દુઃખમાં દુઃખી થાય એ છે સાચો મિત્ર.
જેની આગળ વિના વિચાર્યે હળવું કરી શકાય દિલ એ છે સાચો મિત્ર,
ભલે કરે લડાઈ ઝગડા પણ સમય આવતા સાથ આપે એ છે સાચો મિત્ર.
મળવું થાય ભલે કદી કદી પણ જરૂરતના સમયે હાજર હોય એ છે સાચો મિત્ર,
મારા મિત્રોની સુગંધ સામે ફિક્કા લાગે સુગંધી પરફ્યુમ ને ઇત્ર.
કહે કનુ અરિહંત ને,
હે ઈશ્વર તું જ મારો દોસ્ત તું જ મારો સહારો, તું છે તો હું છું, તું જ છે તારણહારો.
તું દોસ્ત બનીને આવીશ ક્યાં ખબર હતી, દોસ્તોમાં પણ ખાસ બનીશ ક્યાં ખબર હતી?
તારા વગર પણ એક જિંદગી હતી,પણ તું જ જિંદગી બનીશ ક્યાં ખબર હતી?
જીવનભર તારો સાથ કાયમ રાખજે, હર જનમમાં આજ દોસ્તી કાયમ રાખજે.

**– કનક જયેશ અજાણી – કોઠારા (માટુંગા)**

# જન્મ - સગપણ - લગ્ન - મરણ નોંધ


સંપાદક : **રમેશ પદમશી દંડ (શાહ)** – ભરૂડિયા

મો. : 98197 93610 / E-mail : rpshah41@yahoo.com




## જ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૮.૦૮.૨૦૨૫ | આદીપુર | હર્ષલ ગીતેનભાઈ ધરમશી | બાયઠ | ૨૬ |
| | ઈન્દોર | ભૂમિ હિતેશભાઈ નાગડા | નલિયા | ૨૪ |

## આંતરજ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૦.૦૮.૨૦૨૫ | મુલુંડ | વત્સ વિપુલ વિસનજી સોની | સુથરી | ૨૫ |
| | ઘાટકોપર | શિવાની અમિત જયંતીલાલ ચૌહાણ | ઈડર | ૨૭ |

## આંતરજ્ઞાતિ લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬.૦૮.૨૦૨૫ | ડોંબિવલી | કરણ રાયચંદ નાગસી નાગડા | કોઠારા | ૨૮ |
| | દીવા | દુર્ગા મહાદેવ મધૂકર મેકના | | ૨૭ |
| ૧૮.૦૮.૨૦૨૫ | ડોંબિવલી | નીલ મનીષ ભાઈલાલ માલદે | કોડાય | ૨૪ |
| | મુલુંડ | સ્તૂતિ મનોજ જયંતીલાલ ધરમશી | ગોરખડી | ૨૫ |

## આંતરજ્ઞાતિ લગ્ન છુટા

| | | | | |
|---|---|---|---|---|
| ૦૯.૦૬.૨૦૨૫ | ડોંબિવલી | જુગલ મણીલાલ કેશવજી મોતા | તેરા | ૪૦ |
| | પાર્લા | શીતલ કાંતિલાલ પ્રેમજી ગાલા | બિદડા | ૪૨ |

## મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮.૦૮.૨૦૨૫ | ભોપાલ | ઉત્તમચંદ લખમશી નાગડા | જખૌ | ૮૭ |
| ૧૯.૦૮.૨૦૨૫ | તેરા | ભરત શીવજી પટેલ મોતા | તેરા | ૭૫ |
| ૨૦.૦૮.૨૦૨૫ | વિરાર | ઉર્વિ (બેજુલ) નિલેશ સુર્યકાંત ધરમશી | સાંધાણ | ૩૩ |
| ૨૧.૦૮.૨૦૨૫ | મુલુંડ | શોભનાબેન ભાઈલાલભાઈ લોડાયા | મોટી ખાવડી | ૭૨ |
| ૨૨.૦૮.૨૦૨૫ | મુલુંડ | દિનેશ હીરજી શાહ (દંડ) | પરજાઉ | ૭૪ |
| ૨૪.૦૮.૨૦૨૫ | ઘનસોલી | હંસરાજ (પૂનશી) દેવશી ધરમશી | નાની સીંધોડી | ૭૪ |
| ૨૪.૦૮.૨૦૨૫ | કોલમ | શૈલેષ સુરેશ લુઠીયા | રાયધણજર | ૫૧ |
| ૨૪.૦૮.૨૦૨૫ | જલગામ | લલીત પદમશી લાલકા | બાંડીયા | ૫૮ |
| ૨૫.૦૮.૨૦૨૫ | ડોંબિવલી | નયન હિંમતલાલ પાસુભાઈ લોડાયા | મોટી ખાવડી | ૪૪ |
| ૨૭.૦૮.૨૦૨૫ | આદીપુર | પુષ્પાબેન ચંદ્રકાંત દંડ (જૈન) | તેરા | ૭૪ |
| ૨૭.૦૮.૨૦૨૫ | બેંગ્લોર | રજનીબેન ગોવિંદજી કુરૂવા | બાયઠ | ૮૧ |
| ૨૭.૦૮.૨૦૨૫ | મુલુંડ | ઝવેરચંદ ચીમનલાલ લાલકા | બાંઢીયા | ૮૮ |
| ૨૯.૦૮.૨૦૨૫ | મુલુંડ | સરલાબેન લક્ષ્મીચંદ મોતા | લાખણીયા | ૭૪ |
| ૦૧.૦૯.૨૦૨૫ | વડોદરા | ભૂપેન્દ્ર નરશી લાલકા | વારાપધર | ૫૯ |
| ૦૨.૦૯.૨૦૨૫ | જામનગર | રેખાબેન જતીન કાનજી દંડ | સેવક ભરૂડીયા | ૫૯ |
| ૦૩.૦૯.૨૦૨૫ | લોનાવલા | અશોક દામજી હીરજી નાગડા | નલિયા | ૭૪ |
| ૦૩.૦૯.૨૦૨૫ | દાદર | મણીલાલ ડુંગરશી ટોકરશી દંડ | બાયઠ | ૮૧ |
| ૦૫.૦૯.૨૦૨૫ | મુલુંડ | ભવાનજી હરશી લોડાયા | રાપર ગઢવારી | ૮૬ |
| ૦૫.૦૯.૨૦૨૫ | ગોરેગામ | કિર્તીકુમાર ધનજી મોમાયા | વરાડીયા | ૭૮ |

ઈતિહાસનું પાનું

# જૈનોનું સામાજિક જીવન - ૧

(પ્રકરણ - ૧૮)

સંગ્રાહક : નવીન પટેલ, વડોદરા



મારી નોંધ- કચ્છને લગતા પ્રકાશનોના કારણે કચ્છને લગતી અનેક વિગતો, ગ્રંથો, પુસ્તકો મારા સંગ્રહાલયમાં સમાયા છે. તેમાંથી કેટલીક જુની વાતો બધાની સમક્ષ આવે તો ઇતિહાસ તથા તે વખતના સામાજીક માહોલનો પણ બધાને ખ્યાલ આવે તે માટે આ લેખો પ્રસ્તુત કરેલ છે. તપાગચ્છના એક મુનિરાજ પૂ. વિદ્યાવિજયજી મ.સા. કરાચીમાં ચાતુર્માસ બાદ કચ્છનું રણ પાર કરીને કચ્છની યાત્રા કે વિહાર કરે છે. એક ચાતુર્માસ ભુજમાં તો બીજું મંજલ રેલડીઆમાં કરે છે. આપણી નાતના જખૌના 'લવાદનામા'માં અગત્યનો ભાગ ભજવે છે. સમસ્ત કચ્છમાં કર્યા બાદ ત્યાંના અનુભવો તથા ખાસ કરીને ત્યાંના જૈનો વિશે તેમના અનુભવો આપણને આજે પણ એક રોમાંચકારી સફરનો અનુભવ કરાવે છે. જૈન ધર્મના વાડાઓથી પર એવા એમના વિચારો આજે આપણને અનોખા લાગશે. આશા છે આપને આ લેખો ગમશે.
(પુસ્તકઃ મારી કચ્છયાત્રા, લેખકઃ મુનિરાજ વિદ્યાવિજયજી, પ્રકાશકઃ શ્રી દીપચંદજી બાંઠીયા (મંત્રીઃ શ્રી વિજયધર્મસૂરિ જૈન ગ્રંથમાળા, ઉજ્જૈન), પ્રકાશનઃ- ૧.૮.૧૯૪૨, વિ.સં. ૧૯૯૮.) સંગ્રાહક : નવીન પટેલ, વડોદરા

કચ્છની આબાદીમાં જૈનોનો ફાળો મોટો છે. કચ્છની પાંચ લાખની મનુષ્યની ગણનામાં લગભગ પોણો લાખ જૈનો છે. ન કેવળ એક કોમ તરીકે, પરંતુ કેળવણીને છોડીને લગભગ બીજી બધી બાબતોમાં જૈનોનું વર્ચસ્વ છે. પ્રાચીન કાળથી જૈનો જેમ શ્રીમંતાઈમાં, તેમ ઉદારતામાં; જેમ વ્યાપારમાં, તેમ ખેતીના ઉદ્યોગમાં પણ પોતાનું અગ્રસ્થાન ધરાવતા આવ્યા છે; અને તે જ કારણે રાજ્યની પણ જૈનો પ્રત્યે ઉદાર ભાવના ચાલી આવી છે. રાજ્યની એ સદભાવનાનું જ પરિણામ છે, કે બીજાં હિંદુ મંદિરોની માફક ઘણાં જૈન મંદિરોમાં પણ રાજ્ય તરફથી ધૂપ-દીપ માટે અમુક રકમ આપવામાં આવે છે. વળી જૈનોનાં પર્યુષણ ઉપર પંદર દિવસ સુધી લુહાર વિગેરેની ભઠ્ઠીઓ બંધ રખાવવામાં આવે છે.

સોળમી શતાબ્દીમાં કચ્છના રાજ્યને વ્યવસ્થિત કરનાર તેમજ ભૂજ, અંજાર ને માંડવીને વસાવનાર ખેંગારજી પહેલાની રાજગાદીના કારણભૂત એક જૈન યુતિ (ગોરજી) માણેકમેરજી હતા, એ વાત પણ એક પ્રકરણમાં કહેવાઈ છે. તે પછી અચળગચ્છીય કલ્યાણસાગરસૂરિએ કચ્છની પ્રજામાં ને રાજ્યમાં સારો સંબંધ જોડી ધર્મ પ્રચાર કર્યાના ઉલ્લેખો મળે છે. છેવટે ચાલુ શતાબ્દીમાં થએલા તપગચ્છીય શ્રી જીતવિજયજી દાદા અને પાર્શ્વચંદ્રગચ્છીય શ્રી ભાતૃચંદ્રસૂરિ મહારાજે અનુક્રમે વાગડ અને કંઠીમાં કરેલા મહા ઉપકારો આજે પણ લોકો ભૂલ્યા નથી.

આવી રીતે ધાર્મિક કાર્યોમાં પોતાની અઢળક લક્ષ્મીનો વ્યય કરી સંસારમાં કચ્છના જૈનોનું ઉજ્જ્વળ મુખ કરનાર ઇતિહાસ પ્રસિદ્ધ ભદ્રાવતીના જગડુશાહની વાત પહેલાં કહેવામાં આવી છે. આ ઉપરાંત હમણાં હમણાંના દાનવીરો શેઠ નરશી નાથા, શેઠ કેશવજી નાયક, શેઠ નરશી કેશવજી, શેઠ ખેતશી ખેમશી, શેઠ હીરજી ખેતશી, શેઠ વસનજી ત્રીકમજી, શેઠ ભીમશી રતનશી, શેઠ જીવરાજ રતનશી, શેઠ વેલજી માણેક, શેઠ શીવજી મોણશી, અને શેઠ ભારમલ તેજશી વિગેરે પણ છેલ્લી શતાબ્દીની જ વિભૂતિઓ થઇ ગઇ છે. આમ ઉત્તરોત્તર જૈનોનું અગ્રસ્થાન કચ્છમાં બરાબર ચાલ્યું આવ્યું છે.

પણ મારો ઉદ્દેશ આ પ્રકરણમાં જૈનોની પ્રાચીન સ્થિતિ બતાવવાનો નથી. આ પ્રસંગે વર્તમાન જૈનોની વ્યાવહારિક પરિસ્થિતિનો ખ્યાલ આપવા ચાહું છું.

કચ્છમાં જે જુદા જુદા તાલુકાઓ છે, તે બધામાં લગભગ જૈનોની વસ્તી છે. ખાસ કરીને કંઠી, અબડાસા, હાલાઈ અને વાગડમાં વધારે છે. જાતિની દૃષ્ટિએ વિચારીએ તો કચ્છના જૈનોમાં મુખ્ય બે જાતિ છેઃ ઓશવાળ અને શ્રીમાળ. પોરવાલ કદાચિત ક્યાંય હોય ? આખા દેશમાં ઓશવાળો લગભગ ૫૦ થી ૬૦ હજાર કહેવાય છે, જ્યારે શ્રીમાળો લગભગ ૧૦ થી ૧૫ હજાર.

ઓશવાળ અને શ્રીમાળ – આ બન્ને જાતિમાં 'ગુર્જર' અને 'કચ્છી' એમ બે વિભાગ છે, અને 'ગુર્જર' અને 'કચ્છી'માં વીશા, દશા ને પાંચા (પંજા) એમ પાછા ભેદો છે, કદાચ પાંચા, જેઓને પિતાથી હલકા સમજતા હોય, તેમને 'અઢીઆ' કહેવામાં આવે, તો કાંઈ ગુન્હો તો ન જ કહેવાય ને!

જેઓ ગુજરાતથી આવી વસેલા છે, તેઓ 'ગુર્જર' કહેવાય છે. આ ગુર્જરોની ભાષા ગુજરાતી ભાષા જ છે, જ્યારે બીજાઓ જેઓ 'કચ્છી' તરીકે ઓળખાય છે, એમની આપસની બોલચાલની ભાષા 'કચ્છી' છે. 'ગુર્જરો' ઘણે ભાગે ભૂજ, માંડવી અને બીજાં મોટાં ગામોમાં છે.

કચ્છી ઓશવાળોમાં કચ્છી વીશા ઓશવાળ અને કચ્છી દશા ઓશવાળ એમ બે ભાગ છે, અને તે આખા કચ્છમાં ફેલાએલા છે. 'દશા'ના ભેદના કારણમાં એમ કહેવાય છે કે જેઓ 'પુનર્લગ્ન' કરતા હતા (કે 'પુનર્લગ્ન'માં માનતા હતા) તેઓ 'દશા' તરીકે ઓળખાયા. અને 'પુનર્લગ્ન' નહિં કરનારા 'વીશા' તરીકે ઓળખાયા. જો કે આજે 'દશા'ઓમાં પુનર્લગ્ન થતાં નથી. છતાં 'દશા'ના 'વીશા' થઈ શકતા નથી, પરંતુ એઓમાં જેઓ 'પુનર્લગ્ન' કરે છે એમને 'પાંચા' (કે પંજા) તરીકે ગણીને એમની સાથે સામુદાયિક ખાનપાન કે બેટી વ્યવહાર નથી કરતા. 'દશા'ઓ પુનર્લગ્ન નહિ કરવા છતાં વીશાઓ દશાઓની સાથે રોટી વ્યવહાર તો રાખે છે, પણ બેટી વ્યવહાર નથી રાખતા !

પણ હમણાં હમણાં એક નવું નાટક ઉભું થયું છેઃ ખુદ 'વીશા'ઓમાં એક એવું 'મંડળ' ઉભું થયું છે, કે જે ખુલ્લે ખુલ્લા 'પુનર્લગ્ન'ની હિમાયત કરે છે, એટલું જ નહિ પરંતુ 'પુનર્લગ્ન' કરવા ઈચ્છતી બહેનોને 'પુનર્લગ્ન' કરાવી આપવાની શરૂઆત પણ કરી છે. આ મંડળમાં જે મેમ્બરો દાખલ થયા છે તેઓ કચ્છના જુદા જુદા ગામોના પ્રસિદ્ધ અને આગેવાન ગણાતા ગૃહસ્થો છે. સવાલ તો એ છે કે જો 'વીશા' કે જેઓ 'પુનર્લગ્ન'માં માનનારા નથી, તેઓ આ મંડળને શામાં ગણશે? એની સાથે રોટી–બેટી વ્યવહાર રાખશે કે કેમ ? બલ્કે એથી ઉલટું આ 'પુનર્લગ્ન પ્રચારક મંડળ' પાંચા, દશા ને વીશા કરતાં યે વધીને પોતાને 'ત્રીશા' તરીકે તો નહિ ઓળખાવે? આજના જમાનામાં એક જ ધર્મ પાળનારાઓમાં આવા 'વીશા', 'દશા', 'પાંચા', તરીકેના ભેદોની શી કિંમત રહી છે ? એનું આ પ્રમાણ પૂરું પાડે છે.

આ ભેદોની હદ ક્યાં સુધી આગળ વધી છે, એનું એક બીજું પણ પ્રમાણ મળે છે. 'દશાઓ' 'પાંચાઓ' સાથે રોટી–બેટી વ્યવહાર નથી રાખતા, તે તો નથી જ રાખતા, પરંતુ 'પાંચા'ઓ કોઈ ધર્મકાર્યમાં કાંઈ પૈસા આપે તો 'દશા' કે 'વીશા' લે છે ખરા, પણ એમની રીતસર રીસીટ નથી આપતા. ધર્મકાર્યમાં બધી લેવડ દેવડ કરવા છતાં રીસીટ આપવામાં 'પાંચાપણું' શા માટે આગળ ધરવામાં આવતું હશે? મંદિરાદિક ધર્મકાર્યોમાં આવો ભેદ શાથી ? અને કયા ધર્મશાસ્ત્રના આધારે રાખવામાં આવતો હશે? એ નથી સમજી શકાતું, અને ન તો કોઈ સમજાવી શકે છે ! કેટલાક વિચારકો આ પ્રથાને અનુચિત સમજે છે, છતાં 'પીછે સે ચલી આતિ હૈ' ના નિયમ પ્રમાણે ધપાવે રાખે છે !

ખૂબી તો એ છે કે, આમ 'વીશા' ને 'દશા' એ બધાએ પુનર્લગ્નનો નિષેધ કરવા છતાં, 'પુનર્લગ્ન'ની જનેતા 'કન્યાવિક્રય'ની રુઢીની ઉપાસના છેડેચોક ખૂબ શ્રદ્ધાપૂર્વક કરી રહ્યા છે ! એ વસ્તુ તરફ કોઈનુંયે ધ્યાન જતું નથી અને જતું હશે તો કોઈ કાંઈ કરી શકતું નથી !

કચ્છમાં વિધવાઓનો – ખાસ કરીને બાળવિધવાઓનો વધારો છે. સ્ત્રીઓનું આધિપત્ય છે. પરણેલી સ્ત્રીઓના પતિઓ મોટે ભાગે પરદેશ રહે છે. ખેતીના ધંધાના કારણે સ્ત્રીઓને ખેતરોમાં જવાનું વધારે રહે છે. વળી કન્યાવિક્રયના લોભથી કે ગમે તે કારણે છોકરીઓ ખૂબ ખૂબ મોટી થઈ ગએલી હોય છે. આવાં અનેક કારણો છે, કે જેના લીધે કચ્છમાં બુરાં પરિણામો વધુ સંભળાય છે. એ કથાઓના કિસ્સાઓ ન કેવળ સમાજમાં દબાએલા રહે છે, બલકે રાજ્ય દરબાર સુધી આવા કેસો જાય છે. આ બધું કોનું પરિણામ છે? એની શોધ કરી કચ્છના સમસ્ત જૈનોએ પોતાની જાતિના કલંક સમાન આ 'કન્યાવિકય'ની પ્રથાને નાબૂદ કરવી જોઈએ.

કચ્છના જૈનોનું ઔદ્યોગિક જીવન વ્યાપાર અને ખેતી છે. જે જૈનો સંખ્યા ઘણી મોટી છે, પરદેશમાં વસે છે, તેઓ વ્યાપારી જીવનવાળા છે. મુંબઈ, રંગુન, કલકત્તા, કરાંચી, મલબાર ઉપરાંત વરાડ, ખાનદેશ, યૂ. પી., સી.પી., બંગાળ

એટલું જ નહિ પરંતુ એડન, આફ્રિકા અને એવા દૂર દેશોમાં પણ હજારો કચ્છી જૈનો વસે છે અને જબ્બર સાહસપૂર્વક વ્યાપાર ખેડે છે. અનાજ, રૂ અને એવી કેટલીક ચીજોના વ્યાપારમાં તો કચ્છી જૈનો સિદ્ધહસ્ત તરીકે પંકાયા છે. છેલ્લી શતાબ્દીમાં જે જૈનોએ અઢળક દ્રવ્ય ખર્ચી કચ્છના જૈનોની કીર્તિ વધારી છે. તે પરદેશના વ્યાપારને જ આભારી છે.

કચ્છમાં વસતા જૈનોનો મુખ્ય ધંધો લગભગ ખેતીનો છે. જો કે મોટાં ગામોમાં કેટલાક જૈનો વ્યાપાર કરે છે, પણ વાગડ, અબડાસા, હાલાઇ, માકપટ અને કંઠીમાં મોટે ભાગે ખેતી જ રહી છે. ખેતીમાં પણ આ કમનસીબ દેશમાં નિયમિત વરસાદ નહિ આવવાને કારણે કાંઈ કસ રહ્યો નથી, છતાં કચ્છમાં બીજો કોઈ ધંધો રહ્યો નથી, એટલે બાપદાદાથી ચાલ્યા આવતા એ ધંધાને વળગી રહેવા સિવાય છૂટકો ય શો છે? એટલે ખરી રીતે તો દેશમાં વસતા જૈનોનું જીવન લગભગ નિરૂદ્યમી જેવું થઈ ગયું છે, અને નિરૂદ્યમી જીવનમાં અનેક પ્રકારની બુરાઈઓ પ્રવેશ કરે તો તેમાં આશ્ચર્ય જેવું યે શું છે? આ નિરૂદ્યમીપણાનાં કારણે કેટલાકની પાસે પૈસો હોવા છતાં ખર્ચામાં અભાવ દેખાય છે. પરદેશથી આવેલો કચ્છી જે જીગરથી બે પૈસા ધર્માદામાં ખર્ચી શકે છે, તે જીગર સ્થાનિક કચ્છીમાં નથી જોવાતું. વાતાવરણ પણ વૃત્તિઓ પર જરૂર અસર કરે છે જ.

અબડાસાના પ્રકરણમાં મેં કહ્યું છે તેમ. કચ્છના જૈનોના માનસમાં એક વિશેષતા જરૂર છે અને તે એ કે સમય આવે કોઇ પણ ધંધો કરવામાં તે પાછી પાની નહિ કરે, સંકોચ પણ નહિ કરે. મુંબઈ કે રંગુન, કલકત્તા કે કરાંચીમાં મોટી પેઢી ચલાવતો શ્રીમંત દેશમાં આવે અને તેને ખેતરમાં જવું પડે તો ચોરણો અને પહેરણ પહેરી, ઉપર ધોતીયાની ભેઠ બાંધી, ખભે કોદાળી કે ખરપો લઈને ખેતરમાં મજુરી કરવા તે જરૂર જશે અને તેમ કરવામાં જરાય સંકોચ નહિ કરે. સુખશીલીયાપણું કચ્છના જૈનોમાં ઓછું જોવાય છે. કચ્છના સ્થાનિક જૈનોમાં આજે એવા પણ ઘણા છે કે જેઓ કડીયાનો ધંધો કરે છે. વાગડના જૈનોને કરાંચીમાં સંખ્યાબંધ જોયા જેઓ ચૂનામાટીનાં તગારાં ઉંચકવાનો ને સડક ઉપર પત્થરો તોડવાનો ધંધો કરીને પણ પોતાના કુટુંબનો નિર્વાહ કરે છે. કેટલાક જૈનો શાકભાજીના ટોપલા માથે લઈને નજીકના ગામોમાં વેચવા પણ જાય છે. જેઓ ખેતી કરે છે તેઓ સ્ત્રીઓ કે પુરૂષો જાતે ખેતરોમાં જાય છે, હળ ખેડે છે, ખાતર નાખે છે, ઘાસ કાપે છે અને યાવત ખેતી સબંધી બધું કામ કરે છે. જેની આર્થિક સ્થિતિ વધારે નબળી હોય તેઓ બીજાને ત્યાં ખેતીના કામ માટે મજુરી પણ કરે છે. બીજા દેશોના બેકાર હટ્ટાક્ટા યુવાનોને જ્યાં ત્યાં ધર્માદાના પૈસા માગવા માટે હાથ પસારતા જોઇએ છીએ, દીક્ષાને બહાને સાધુઓને ઠગતા જોઇએ છીએ, એવા કચ્છની મારી મુસાફરીમાં મને નથી દેખાયા. કચ્છના જૈનોની આ સાહસવૃત્તિ જ ગણાય. પોતાના નિર્વાહ માટે દુનિયાના ગમે તે ભાગમાં જવું હોય કે ગમે તે મજુરીનો ધંધો કરવો હેય, તો તે કરવામાં સંકોચ કે ભય નહિ જ રાખે.

કચ્છના જે જૈનો અત્યારે દેશાવરોમાં રહે છે, તેઓમાંના ઘણાંઓએ જુદા જુદા ક્ષેત્રોમાં સારી નામના મેળવી છે. કચ્છ અજ્ઞાનતા પ્રધાન દેશ હોવા છતાં બહાર રહેલા જૈનોમાં ઘણાં વકીલો છે, ડોકટરો છે, ઈજનેરો છે, દાનવીરો છે, સાહિત્ય પ્રચારકો છે, એટલું જ નહિ પરંતુ કેટલાક મહાનુભાવોએ અતિ શ્રીમંત હોવા છતાં રાજદ્વારી ક્ષેત્રોમાં પણ આગળ પડતો ભાગ લઈ સારી નામના મેળવી છે. એ બહાર વસતા જૈનોમાંના ઘણા ખરા મારા અંગત પરિચયમાં પણ આવેલા છે, જ્યારે કેટલાકને અંગત પરિચય નહિ હોવા છતાં તેઓ પોતાનાં કાર્યોથી ઘણાં મશહૂર છે. પરંતુ એ બધાઓના અને સ્થાનિકોના માનસમાં ઘણું અંતર છે. સ્થાનિક કચ્છીઓમાં કેળવણીનો ખૂબ જ અભાવ છે, એટલું જ નહિ પરંતુ એમનામાં મોટા ભાગનામાં રાગ-દ્વેષની વૃત્તિઓ પણ વધારે જોવાય છે, ખાસ કરીને ગામડાંઓમાં રહેનારાઓમાં. અને એ પણ સાચું છે કે જ્યાં આખા દેશમાં જ કેળવણીનું પ્રમાણુ નજીવું હોય ત્યાં જૈનો માટે તે કહેવું જ શું?

વણિક કોમ પૈસો મેળવવામાં અને સંભાળવામાં જેટલી ચતુર ને ચંચળ હોય છે, તેટલી બીજી બાબતમાં ઓછી હોય છે. તેમાંયે આવા ખેતીપ્રધાન દેશમાં કેળવણીનો અભાવ વધારે નજરે પડે તે સ્વાભાવિક છે. મેં એવા અનેક પચાસ વર્ષની ઉંમરના જૈનો જોયા છે કે જેઓને પોતાનું નામ પણ લખતા નથી આવડતું. અર્થાત અક્ષરજ્ઞાનથી શૂન્ય છે. છતાં ખૂશી થવા જેવું એ છે કે છેલ્લા કેટલાંક વર્ષોથી દેશાવરોમાં

રહેતા જૈનોની ઉદારતાથી લગભગ દરેક ગામમાં નાની મોટી પાઠશાળાઓ ચાલુ થઇ છે. કેટલાંક બાળાશ્રમ પણ સ્થાપાયાં છે. એમ કેળવણી સંબંધી ઠીક ઠીક ઉહાપોહ થઇ રહ્યો છે.

જે દેશમાં અને જે જાતિમાં કેળવણીનો આટલો અભાવ હોય, તે દેશના લોકો રાજ્યાધિકારીઓમાં આગળ પડતા ન દેખાય એ તો એક દેખીતી વાત છે. જો હું ન ભૂલતો હોઉં તો ક્લાર્ક જેવા સામાન્ય હોદા ઉપર કોઈ કોઈ જૈનો મેં જરૂર જોયા છે. એ સિવાય ઊંચા હોદા ઉપર આખા કચ્છમાં એક જ કુટુંબ મારી નજરે પડયું છે જે રાજ્યમાં સારો હોદો ને માન સન્માન મેળવી રહ્યું છે, તે છે ભૂજવાળા શ્રીયુત હીરાચંદભાઈ સંઘવી અને તેમના બે સુપુત્રો ભવાનજી અને હેમચંદ. હીરાચંદભાઈ કચ્છ નરેશના ખાનગીખાતાના ચીફ ઓફીસર છે. ભવાનજીભાઈ ટંકશાળના મેનેજર છે ને હેમચંદભાઈ ખાનગી ખાતાના આસિસ્ટંટ ઑફિસર હોવા સાથે મહારાજ કુમાર સાહેબ શ્રી મનુભા સાહેબના પ્રાઈવેટ સેક્રેટરી પણ છે. આ સંઘવી કુટુંબે પોતાની પ્રામાણિકતા, રાજ્યભક્તિ અને કાર્ય કુશળતાથી રાજ્યમાં જે સ્થાન ને માન મેળવ્યું છે એ માટે જૈનોને ખરેખર ગૌરવ છે. આ ઉપરાંત કચ્છની રેલ્વેના મેનેજર જેવા હોદ્દા ઉપર પણ એક જૈન ગૃહસ્થ સૌભાગ્યચંદભાઈ કોઠારી છે, પરંતુ તેઓ કાઠિયાવાડના છે. તેમના ગુણોથી રાજ્યની પણ તેમના ઉપર સારી મહેરબાની છે.

ભૂજમાં બે ત્રણ એલ.એલ.બી. થએલ જૈન વકીલો પણ છે. તેમાંના એક અમૃતલાલભાઈ વિશનજીને કચ્છ નરેશે હમણાં રેવન્યુ ડીપાર્ટમેન્ટના એક હોદા ઉપર સ્થાપન કર્યાના સમાચાર સાંભળ્યા છે. કચ્છના જૈનોનું ગૌરવ કચ્છની સમસ્ત પ્રજામાં કેટલું છે, તે આ ઉપરથી પણ સમજાશે કે કચ્છના નાનાથી મોટામાં મોટા ગામમાં પણ નગરશેઠનો હોદો પ્રાયઃ જૈન ગૃહસ્થ જ ભોગવે છે. કચ્છના જૈનોની આ સામાજિક સ્થિતિ છે. (વધુ આવતા અંકે)

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

**શ્રી ક. દ. ઓ. જૈન મહાજન તથા ટ્રસ્ટ – મોટી સિંધોડી**

તપસ્વી રત્ન પ. પૂ. મુનિરાજ શ્રી હિતવર્ધનસાગરજી મ. સા. ની નિશ્રામાં મોટી સિંધોડી ગામે પર્વાધિરાજ પર્યુષણમા થયેલ તપસ્યા તથા તપસ્વીઓના નામો

૯ ઉપવાસ : ચિંતન મૂકેશ લોડાયા, મૂકેશ ભવાનજી લોડાયા, ખૂશાલ વેલજી મૈશેરી, અનિતા ભરત લોડાયા, નવિનચંદ્ર કેશવજી મોતા, નિરૂપમા નવિનચંદ્ર મોતા, રમેશભાઈ ચાપશી મૈશેરી, હીનાબેન દિનેશભાઇ મૈશેરી નિપેશ લખમશી ખોના (તેરા), જયેશ દામજી મૈશેરી.

૮ ઉપવાસ : હર્ષાબેન ઉદયન શાહ

૧૫૫૯૧૭ મણ સ્વપ્નની ઘૃત ઉછામણી મોટી સિંધોડી શ્રી નેમિનાથ જિનાલય ખાતે થયેલ છે. અષ્ટમંગલ : ૨૩૦૦૦, શાલીભદ્રની પેટી ૫૫૫૫૫.

**શ્રી કદઓ જૈન સંઘ – હુબલી – તપસ્વીઓ**

૩૦ ઉપવાસ માસખમણ : શ્રીમતી વંદનાબેન સમીર લાલકા. ૧૬ ઉપવાસ : કુમારી હિયા મનીષ પટેલ મુર્તિજાપુર, શ્રી સિધ્ધાર્થ હિરાચંદ મૈશેરી, શ્રી વૈભવ સોમચંદ મોમાયા, અ. સૌ. કાજલ પ્રમોદ વિકમશી

૧૧ ઉપવાસ : અ. સૌ. પુજા દિપક મૈશેરી

૮ ઉપવાસ અઠ્ઠાઈ : અ. સૌ. સ્નેહા સંજય લોડાયા, કુમાર સંદેશ સંજય લોડાયા, શ્રીમતી કોમલબેન મેહુલ નાગડા, કુમાર જિનેશ મેહુલ નાગડા, કુમાર રોમિલ વનરાજ લોડાયા શ્રી ગુલાબ મેઘજી લોડાયા, શ્રી હિતેશ મુલચંદ ખોના, અ. સૌ. ઉષાબેન મુલચંદ ખોના, શ્રી દિલીપભાઈ વેલજી દંડ, કુમાર પ્રથમ બકુલ નાગડા, કુમારી ભાવિકા બકુલ નાગડા, શ્રી રાકેશભાઈ હિરાચંદ છેડા, શ્રી રાહુલ પ્રફુલ મોમાયા, અ.સૌ. રેશ્મા સિધ્ધાર્થ મૈશેરી, કુમારી અક્ષિતા સિધ્ધાર્થ મૈશેરી, કુમાર વિર સિધ્ધાર્થ મૈશેરી, કુમાર ભુમિત જયેશ લોડાયા, શ્રી કૌશિક ખુશાલ ધરમશી, અ. સૌ. સ્મિતાબેન ચેતન લોડાયા, કુમાર સ્પર્શ અનિષ શાહ.

**શ્રી કચ્છી અચલગચ્છ જૈન સંઘ – વડોદરા**

વડોદરા સંઘમાં ૧૪ સ્વપ્નનું ઘ્રુત કુલ્લ મણ ૨૭૫૦૦૦/– થયું હતું.

## બડગરા ખાતે પર્યુષણ પર્વની ઉજવણી

મહા મંગલકારી પર્યુષણ પર્વ ધર્મ આરાધના સાથે ઉજવાયા. વાંચન માટે મુંબઈ આર્યરક્ષીત વિદ્યાપીઠમાંથી કસ્તુરબેન મુલજી ગાલા – લાયજા (મુલુંડ) અને અમૃતબેન ડુંગરશી ગાલા – મકડા (મુલુંડ) પધારેલ. શ્રી કલ્પસુત્ર પધરાવવાનો લાભ ૪૨૩ મણ, પ્રભુજીનું પારણું – ૪૧૫૧ મણ તથા સ્વપ્નાનું ધ્રુત ૪૭૪૩૬ મણ એમ કુલ ૫૦૬૨૦ મણ થયેલ. છઠ્ઠના સામુહિક ક્ષમાપના કરેલ. તપસ્યામાં છઠ્ઠ – અઠ્ઠમ તેમજ નાની મોટી તપસ્યા સારી થયેલ.

**(વધુ સમાચારો પાના નં. ૩૫ ઉપર)**

## ગામના મહાજનો – મંડળોને વિનમ્ર નિવેદન

પ્રકાશ સમીક્ષા દર મહિને તા. ૫ અને તા. ૨૦ના પ્રકાશિત થાય છે. ક.દ.ઓ. જ્ઞાતિના ગામો – મંડળોના સમાચારોને યથાયોગ્ય રીતે ફોટોગ્રાફ સાથે સમાચાર વિભાગમાં સ્થાન આપવામાં આવે છે. વિશેષ શિક્ષણ કે સિદ્ધી પ્રાપ્ત કરનારા જ્ઞાતિજનોની માહિતી પણ ફોટો સાથે પ્રકાશિત કરવામાં આવે છે. એ માટે આપના મહાજનો – મંડળોના કાર્યક્રમોના સમાચારો તથા વ્યક્તિગત સિદ્ધિઓની માહિતી પ્રકાશ સમીક્ષાને વોટ્સએપ અથવા મેઈલ દ્વારા મોકલી આપવા વિનમ્ર વિનંતી છે જેથી નિયમિત રીતે પ્રકાશિત કરી શકાય.

પર્યુષણ પર્વ દરમાયાન થયેલ સ્વપ્નાના ધ્રુતની વિગતો તથા તપસ્વીઓના નામ – ગામ – રહેઠાણ તથા તપની માહિતી ફોટોગ્રાફ સાથે મોકલવા વિનમ્ર નિવેદન છે. જે પ્રકાશ સમીક્ષામાં નિઃશુલ્ક પ્રકાશિત કરવામાં આવશે.

**WhatsApp No. : 98215 51111**

**E-mail : kdoprakash@gmail.com**



# વતનના વર્તમાન

**સંકલન : કેસરસિંહ ખોના**

### કોસ્ટ એકાઉન્ટન્ટ સીએમએ આર્ચી ભાટીયા

ઈન્સ્ટીટ્યુટ ઓફ કોસ્ટ એકાઉન્ટસ ઓફ ઈન્ડીયાની જૂન ૨૦૨૫માં લેવાયેલી સીએમએ ફાઈનલની પરીક્ષા ભુજની આર્ચી અલ્પેશભાઈ ભાટીયાએ સમસ્ત દેશમાં ૧૫મી રેન્ક સાથે પાસ કરી છે. વર્ષમાં બે વખત લેવાતી આ પરીક્ષામાં દેશભરના ૧૮૪૫૪ વિદ્યાર્થીઓ સામેલ થયા હતા તે પૈકી ૩૯૩૮ વિદ્યાર્થી પાસ થયા હતા.

### ગુજકોસ્ટ સ્પેસ સાયન્સ પ્રોગ્રામ

કાર્યરત ગુજરાત વિજ્ઞાન અને ટેક્નોલોજી પરિષદ (ગુજકોસ્ટ) અવકાશ કાર્યક્રમના પિતામહ ડો. વિક્રમ સારાભાઈની જન્મજયંતિ પ્રસંગે ક્ષેત્રીય વિજ્ઞાન કેન્દ્રોમાં ખાસ કાર્યક્રમ યોજાયા છે. ઈસરોના સ્પેસ એપ્લીકેશન સેન્ટરના ડિરેક્ટર નીલેશ દેસાઈ આ સ્પેસ સાયન્સ કાર્યક્રમનું ઉદઘાટન કર્યું હતું. રાજ્યના ૩૩ જિલ્લાના લગભગ ૫૦૦૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો છે.

### વાંઢાય વૃક્ષારોપણ કાર્યક્રમ

વાંઢાય વિસ્તારમાં ૨૧૦૦ વૃક્ષો સારી રીતે ઉછરી રહ્યાં છે. ઈશ્વર આશ્રમ વાંઢાય, સદ્ભાવના વૃદ્ધાશ્રમના સંયુક્ત ઉપક્રમે સુરક્ષિત રખાયેલા છાંયડો આપતા વિવિધ ઉપયોગી વૃક્ષની વેંઢારના સુપરિણામ જોવા મળે છે.

ગ્લોબલ કચ્છ, મુંબઈ, કચ્છમિત્ર, સુખનું સરનામુ

**બાંધણી – ઘરચોળા – બોર્ડર – પટોળા**

New Designs / New Collection

જ્યોતિ

Sarees Since 1976
Matunga (E)

Behind Arora Theatre, Ph.: 022-2404 3995 / 83692 52836
Follow us on instagram @jyotisaree (SUNDAY CLOSED)

યોજનાના સહયોગથી ઉમિયા માતાજી પ્રતિષ્ઠાન, લક્ષ્મીનારાયણ મંદિર, સંસ્કાર ધામની દેખરેખ હેઠળ વાંઢાય ઈશ્વર આશ્રમ પરિસર, ઉમિયા માતાજી સ્થાન, ભુજ-નખત્રાણા હાઈવે રામટેકરી, તળાવ વગેરે વિસ્તારોમાં લીમડો, પીપળો, જાંબુ, ગુલમોહર જેવા છાંટા અને ઓક્સિજન આપતા વૃક્ષોએ સારી ઓધ પકડી છે. અને થોડા જ વર્ષોમાં પુખ્ત થતાં આ વૃક્ષો વાંઢાય આશ્રમ વૃક્ષારોપણ કાર્યક્રમની સફળતાનો ડંકો વગાડશે.

### જાણ્યું છતાં અજાણ્યું સુરકોટડા

રાપર તાલુકામાં, ભુજથી લગભગ ૧૨૦ કિ.મી.ના અંતરે આવેલું કચ્છનું સેંધવ સંસ્કૃતિનું ધોળાવીરા જેટલું જ મહત્ત્વનું નગર સુરકોટડા જોવા જેવું છે.

છેક ૧૯૬૪-૬૫માં ભારતીય પુરાતત્ત્વ ખાતાના જગપતિ જોશીએ શોધી કાઢેલું સુરકોટડાનું વર્ષ ૭૦ થી ૭૨ દરમિયાન વ્યાપક ઉત્ખનન કરાવવામાં આવ્યું હતું. આ ઉત્ખનનમાં સેંધવ સંસ્કૃતિના અવશેષો ઉપરાંત ઈરાન, બલુચિસ્તાન અને પશ્ચિમ એશિયા સહિત કેટલાક અન્ય દેશો સાથેના સંપર્કોના સંકેત મળી આવતાં ખૂબ ખૂબ જાણીતું બનેલું પણ કાળક્રમે ઉત્ખનન ઉપેક્ષિત રહેતા અજાણ્યા બનેલા આ ચિત્ર લીપીવાળી મુદ્રા, અકીકના વજનીયા, અકીકના મણકા, સ્ટામાઈટ વગેરેના મણકા, હાથીદાંતની બંગડી - ચુડા વગેરે મળી આવ્યા હતા. સુરકોટડાનો ટીંબો પાંચથી આઠ મીટર ઉંચો લંબાઈ ૧૬૦ મીટર અને પહોળાઈ ૧૨૫ મીટર જેવી છે.

### નડેશ્વરી માતાજી નડાબેટથી સિંદુર સ્વાભિમાન યાત્રા

અંખડ ભારત સ્વાભિમાન મંચે સિંદુર સ્વાભિમાન યાત્રા દ્વારા સૈનિકોને સલામી આપવા નડાબેટનાં નડેશ્વરી દેવીના દર્શન કરી ટી-જંક્શન, બોરૂ ગામ, સાંતલપુર, વ્રજવાણી સતી મંદિર, બાલાસર હનુમાન ધામ, ધોડાવીરા, ખાવડા, ભુજ, માતાના મઢ, નારાયણ સરોવર, શીરવા, માંડવી, ભુજપુર, મુંદ્રા, ભચાઉ વગેરે ગામોને જોડતી ૩૦૦ કિ.મી.ની યાત્રા કરશે.

### કંથકોટનો મેળો

ભચાઉ તાલુકાના વિખ્યાત કંથકોટમાં કંથડનાથ દાદાનો મેળો યોજાયો હતો. જેમાં યોજાયેલી સંતવાણીમાં કુલ રૂપિયા બાવીસ લાખની ગોર થઈ હતી. જેમાં ધારાસભ્ય વિરેન્દ્રસિંહજી જાડેજા તરફથી રૂા. ૫૫૧૦૦૦/-નું દાન સામેલ છે. આ રકમનો ઉપયોગ ગૌસેવામાં કરાશે.

### નરામાં પિથોરાપીરનું મંદિર

સોઢા કુળના કુળદેવતા પિથોરાપીરનું નૂતન મંદિર નરા ખાતે નિર્માણ કરવામાં આવી રહ્યું છે. ૧૯૭૧ના યુદ્ધના કારણે વિસ્થાપિત થયેલો સોઢા સમાજ કચ્છમાં સ્થળાંતરિત થયો હતો. પીર પિથોરાના પૌત્ર પીર સોભાલસિંહ પિથોરાધામ ભુજના ભેરજી પીર, મુલાના (રાજસ્થાન) આંબજીપીર મથલ અને કેરાજપીર આ પ્રસંગે ખાસ હાજર રહ્યાં હતાં.

### આડેસરનું જીરૂં દક્ષિણ ભારતમાં

આડેસર વિસ્તારમાં ઉત્પન્ન થતાં જીરાની દેશના દક્ષિણના રાજ્યોમાં ભારે માંગ છે. અંદાજ છે કે દર વરસે ૨૫/૩૦ ટન જેવું આડેસરનું ઓર્ગેનિક જીરૂં દક્ષિણની બજારોમાં જાય છે. આગળ જતાં બાજરી અને મગની નિકાસનું લક્ષ્ય છે.

### મોટા યક્ષ કક્કડભિટ મેળો

કચ્છનો આ સૌથી મોટો મેળો લગભગ ૨૦ એકર વિસ્તારમાં યોજાશે. તરણેતરના મેળાની મીની આવૃત્તિ ગણાતા આ મેળાની વ્યવસ્થા ગ્રામ પંચારત સાંયરા અને ભોપા પરિવાર સંભાળે છે. આ મેળા સાથે ભીખુઋષિ ડુંગર પર આવેલા સાંયરી માતાના મંદિરનું ધજારોહણ થાય છે.


**સોનલ આર્ટ** (થાણા) શાંતિભાઈ : 99678 41792

બટકસબ, મોચી ટાંકો, જીક કસબ, પારસી, પીટા, હાથ અને મશીન વર્કની સાડીઓ, ચણીયાચોળીનો રેડી સ્ટોક તથા ઓર્ડરથી બનાવવામાં આવશે. સાચી જરીની જુની સાડીઓ વેંચી તથા જુની સાડીઓને ઓલ્ટર કરી આપવામાં આવશે

'શિવમ', ડી-૨૦૧/૨૦૨, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેના ઓફીસની સામે, થાણા-૪૦૦ ૬૦૪.


**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : જયેશ દામજી નથુભાઈ દંડ - મંજલ રેલડીયા (મુલુંડ)**

# Ratnatray

- **Shilpa Ajani** (B.com, DG, FGA (Lon), FFIG)



Jainism provides three jewels to guide its followers to steer clear of the dangers on the path of life to reach the destination of moksh (final liberation):

**1. Right Vision (Samyag Darshan)**

**2. Right Knowledge (Samyag Gyan)**

**3. Right Conduct (Samyag Charitra)**

The Three Jewels together form a complete path and are called the 'mokshmarg' (path to liberation), as explained by Acharya Umaswati in the *Tattvarth Sutra*. They provide the **practical way** to reach the goal of being one with one's self.

**Right Vision** gives correct belief, **Right Knowledge** gives correct understanding, and **Right Conduct** puts them into practice. When followed together, they guide the soul to self-realisation and final liberation. Just as jewels adorn and beautify the body, these three adorn the soul by removing delusion, ignorance, and misconduct. They are timeless treasures that never lose their lustre, guiding the soul toward liberation and making it spiritually rich beyond all material wealth.

**1. Right Vision (Samyag Darshan)**

· **Meaning:** To accept truth as truth and reject untruth.

**Samyag Darshan is**

❖ To believe that the universe has two realities—living (soul) and non-living (matter).

❖ To believe in the interaction of soul and matter through the Nine Fundamentals.

❖ To trust in true prophets (Tirthankars), scriptures, and teachers.

· **Samyag Darshan is not**

To accept false deities, false texts, and wrong teachers.

**Importance:**

❖ It comes first because without Right Vision, knowledge and conduct have no value.

❖ It is like a seed from which knowledge and conduct grow.

❖ Right Vision leads to detachment from worldly attraction and aversion.

· **How it arises:**

❖ Naturally, through spiritual growth, or

❖ With help from external sources like holy texts (satshastra), wise teachers (satguru), or good company(satsang).

**2. Right Knowledge (Samyag Gnan)**

· **Meaning:** Knowledge that shows the true nature of things and helps spiritual progress.

**Conditions:**

❖ Must be based on Right Vision.

❖ Must be complete and free from exaggeration or error.

❖ Must reveal truths about the soul, universe, and liberation.

· **Nature of the soul:**

❖ The soul always has knowledge since it is conscious.

❖ But only when freed from karmic obstacles and guided by Right Vision does this knowledge become Right Knowledge.

**3. Right Conduct (Samyag Charitra)**

· **Meaning:** Putting Right Vision and

Knowledge into practice through disciplined living.

· **Essentials:**

❖ Control of mind, speech, and body.

❖ Self-restraint instead of indulgence in endless desires.

❖ Practice of penance (tapas) to strengthen discipline.

· **State of mind:**

❖ Equanimity in both happiness and sorrow.

❖ Freedom from attachment (raag), infatuation (moh), and aversion (dvesh).

Imagine a traveler who wants to reach a destination but keeps getting lost. Right Faith is like the traveler first accepting that the destination is real and that the map he possesses is accurate and trustworthy, overcoming any superstitions or false beliefs that might have been leading him astray.

Once the traveler trusts the map, Right Knowledge is about him carefully studying and understanding the map itself. He learns the geography, recognises the important landmarks, and sees how the roads connect, so that he can navigate effectively and accurately reach his destination.

Following the trustworthy map with accurate knowledge, Right Conduct is the actual journey the traveler takes. He follows the map's directions, making sure not to take shortcuts or wander off the path, and acting with caution and compassion on his way to avoid any harm to himself or others encountered on his journey.

In these three jewels are contained the entire Jain philosophy as well as the Jain ethics.

***

## નવા/બદલાયેલા સરનામા/ફોન

**(પુરૂં નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)**

**Shri Nitin Lalji Lodaya (PS-529)**
A-1203, Mahavir Galaxy, J N Road,
Near Apna Bazar,
Mulund West MH - 400080
M.: 9820528901

**Shri Arvind Raichand Lodaya (PS-2922)**
B-401, Plot No-RX-54, GLOB Paradise,
Gymkhana Road,
Dombivli East MH - 421201
Arvind Lodaya M.: 96190 25375
Usha A Lodaya M.: 9920092228

**Shri Prathmesh Padamshi Lapsia (PS-5461)**
201, Viva Residency, 6th Cross, 7th Phase,
Venkatdri Layout, Puttenahalli,
J P Nagar, Bangalore KR - 560076
M.: 8971005087

**Shri Ajay Javerchand Shah (Munvar) (PS-3000)**
901, Tower 1, Cluster 5,Blossom City,
Runwal Garden City,
Dombivali East MH - 421204
M.: 9224524551

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા વિનંતી છે.

**લવાજમ (સબસ્ક્રીપ્સન) ન મોકલવા વિનંતી**

સર્વે જ્ઞાતિજનોને જણાવવાનું કે હાલમાં પ્રકાશ સમીક્ષાનું લવાજમ લેવામાં આવતું નથી તેથી લવાજમ ન મોકલવા વિનમ્ર વિનંતી.

**– પ્ર.સ. સમિતી**

Life Power

# Why Marriage Matters

**Alpa Dharamshi** (Multilingual Counsellor) - **M.: 9945365319**
Pehechaan - A Mission To Help Identify Yourself.



"A successful marriage requires falling in love many times, always with the same person." – Mignon McLaughlin.

Marriage, at its essence, is not just a social contract or a cultural ritual—it is a promise of togetherness, a weaving of two lives into one shared journey. It is where love takes root, deepens, and matures, carrying within it the power to nurture, heal, and transform.

In a world that often feels transient, marriage offers an anchor. It says: I choose you, not only today but also tomorrow, and all the uncertain days after. This commitment brings stability, not in a rigid sense, but as a steady rhythm that allows both partners to grow, stumble, and rise again—knowing they are not alone. As Rumi wrote, "Lovers don't finally meet somewhere. They're in each other all along." Marriage makes this invisible truth visible.

It is also a sacred space for companionship. Beyond romance, marriage is built on friendship—the quiet assurance that there is someone who will listen to your silences, hold your hand in storms, and celebrate your smallest victories. In sharing life's ordinaries—morning teas, daily chores, inside jokes—marriage reveals that love is not only about grand gestures but about constancy, patience, and kindness.

Marriage also matters because it creates a wider circle of belonging. It binds not just two individuals but two families, weaving relationships that ripple outward into communities. In many cultures, it is seen as the foundation of family life, where values, traditions, and hopes for the future are passed on to children and generations to come. Even for those without children, the partnership itself models companionship, compassion, and resilience in a world that often glorifies independence over interdependence.

Yet, marriage is not always easy. It demands work, compromise, and humility. There are seasons when love feels effortless, and others when it feels like a daily choice. The importance of marriage lies in this choice—the willingness to keep showing up, to forgive, to learn, and to hold space for imperfection. "There is no more lovely, friendly and charming relationship, communion or company than a good marriage," wrote Martin Luther. A good marriage is not perfect; it is alive, evolving, and strengthened by both joy and trial.

On a practical level too, marriage offers protection and partnership. It allows two people to dream together, build together, and face uncertainties with shared strength. Legal and financial benefits may be part of it, but deeper than that is the security of knowing there is someone who will stand by you—not because they must, but because they choose to.

Ultimately, marriage is important because it reflects humanity's longing for connection. It is a covenant of love that whispers: you matter, you belong, and your journey is not yours alone. In a world that often isolates, marriage becomes a sanctuary of togetherness.

"To love and be loved is to feel the sun from both sides." – David Viscott

And marriage, in its truest form, is that sunlight.


U M KHONA AND COMPANY
CLEARING | FORWARDING | LOGISTICS
AEO
भारतीय सीमा शुल्क
INDIAN CUSTOMS
COMMITMENT TO EXCELLENCE
OUR PRESENCE AT:
MUMBAI
JNPT
HAZIRA
KOLKATA
HALDIA
CHENNAI
KANDLA
MUNDRA
PIPAVAV
U M KHONA AND COMPANY
1011, Universal Majestic,
Behind RBK International Academy,
Off Ghatkopar – Mankhurd Link Road,
Chembur, Mumbai 400 088.
Email : harsh.lapsia@umkhona.com
Tel : +91 22 6155 9999 / +91 98190 30311
Fax : +91 22 6155 9955
jayant.lapsia@gmail.com
Tel.: 6155 9901
www.umkhona.com
CB: 11/189

Kuber Bhandar

# Money: Respect & Responsibility

**CA Jatin Jechand Lodaya, Naliya (Chembur)**
Cofounding Partner of FinaLiteY LLP - Mumbai
jatinlodaya@gmail.com | 9820791226



Money management is a responsibility and a critical life skill to be learnt, earlier the better. Money is a rationed commodity and needs to be appreciated and respected. In absolute terms, the amounts will vary across individuals. We have to earn enough money to sustain an entire life span. How much is 'enough' will depend on life style.

It is important that we all understand:

Money is meant to satisfy our needs & reasonable wants and not to waste or flaunt.

Understand inflation as the cost of living is bound to rise in the future.

Saving money precedes spending money. Money saved is money earned.

Not all have access to inheritance. So, earn your living and enjoy life with what you have.

Do not get carried away by peer / social pressure or social media reels. Consumption based economy is here to stay.

Not all can afford or get everything, so learn the art of patience, prioritisation and budgeting.

If you are a parent, talking about money with your children, early on, is an important habit. They too need to respect your money, your challenges.

Avoid debt trap as it can ruin your future. Align your life around the money that you have. Stealing or not paying a debt is not an acceptable solution. If you borrow, it is your responsibility to repay, irrespective of what other borrowers may have done.

Money has various forms – cash, bank balance, credit card limit, loan – use it rationally. Debit cards and UPI are linked to bank balance – you cannot over utilise. Repay credit card dues on or before the due date. Prefer auto debit for credit card dues and all utility payments.

Review bank/credit card statements regularly. Keeping a financial diary to log spends helps.

Stay agile while using mobile or internet banking. Take utmost care while using mobile based payments (e.g., UPI). Get comfortable before use. Be smarter with a smartphone! Once money leaves your bank account, it is usually gone.

Banks or payees will never ask your login ID, account number, credit card number, Password, CVV, or OTP. So never share with anyone. Fraudsters usually target susceptible audience such as senior citizen or illiterates, so stay smart and agile.

Pay insurance premium before due date, else insurance policy will lapse.

Invest wisely. Understand the product you wish to invest. Keep in mind risk, return and liquidity aspects. Review investment statements regularly.

Learn to read terms & conditions – be it banking, insurance, investments or taxes.

Health is wealth – only if you maintain good health, you will be able to rejoice your wealth in its true sense, else you will be spending on medical bills – be it medicines, scans, doctor fees, hospitalisation.

Keep master data updated at all points of time – name, contact details, PAN, AADHAAR.

Treat joint holding (be it bank account or investments) and nomination as a must.

Quick or high returns are not true, hence stay guarded & away.

Money matters! Be financially literate.

Money Matter

# When Your Income Rises, Should Your Expenses Run Faster — or Your SIPs?

**Diipesh Daghha – Varadia (Bhandup),** Mob.: 99 1562 1562
MBA (Fin), QPFP, Founder – GrowthQuest
www.growthquest.in, diipeshdaghha@gmail.com



When you start earning in your 20s, life feels full of possibilities. The first salary brings freedom — dinners with friends, gadgets you always wanted, maybe even weekend getaways. As your income grows, so do your expenses. A slightly bigger house, the latest phone, a fancier car. This quiet creep is called lifestyle inflation — and it can quietly steal your financial future.

On the other hand, there's a quieter, less glamorous habit called the Systematic Investment Plan (SIP). No instant gratification, no shiny upgrades — just disciplined investing, month after month. At first glance, lifestyle upgrades seem more rewarding than SIPs. But over time, it's the SIP that wins the race.

**Lifestyle Inflation: The Silent Killer**

Here's how it plays out. Suppose you earn 50,000 a month at age 25. You decide to invest 10,000 per month and spend the rest. But after a few promotions, you're earning 1 lakh at age 30. Instead of investing more, you increase your spending on EMI for car, dining out, vacations and gadgets. Your monthly investment stays at 10,000 even though your income has doubled.

What happens? You feel richer, but your wealth doesn't actually grow. This is the classic trap of lifestyle inflation — expenses rise in proportion to income, leaving little room for wealth creation.

**Why SIPs Always Win**

Let's look at the numbers. If you increase your SIP contribution by just 10% every year — matching your annual salary hikes — the difference is life-changing.

A 25-year-old investing 10,000 a month at 12% CAGR for 30 years builds about 3.5 crores. But if you increase your SIP amount by 10% annually, your corpus jumps to nearly 9 crores.

That's the compounding effect of discipline. SIPs don't just grow with time, they multiply when matched with income growth.

Why Most Don't See This It's human nature to want to reward ourselves for hard work. A new phone feels tangible; a SIP doesn't. But markets reward patience, not impulse. AMFI data shows nearly 50% of SIPs are stopped within 3 years, and over 91% within 5 years. The real magic of compounding, however, only begins after 10-15 years. When SIPs are tied to life goals — retirement, a home, children's education — they become meaningful. Without goals, investors get disappointed with short-term returns and stop midway.

**The Smarter Choice**

Lifestyle upgrades give momentary happiness. SIPs give lifelong security. One buys you a car today, the other ensures you can retire with dignity tomorrow. It's not about denying yourself pleasures today — it's about balancing them for a prosperous tomorrow.

***

**Student Corner**

# Parents also face peer pressure



**Dr. Aparna Ritesh Nagda-Naliya (Dombivali)**
Mob.: 98339 74009, E-mail : aparnanagda04@gmail.com
Consulting Homoeopath, Child Counselor and Author of The Labyrinth of Silence

Whenever we talk about the dreaded monster *Peer Pressure*, we usually associate it with teenagers. But what about parents? Don't they feel the weight of living up to societal standards? Certainly, they do. And when they experience this pressure, they knowingly or unknowingly pass it on to their children. Today, let's discuss how parents can consciously avoid falling prey to the standards set by friends, relatives, or society at large.

**Who is a Peer?**

A peer could be someone of your age or another parent with a child of the same age as yours. It could be your next-door neighbor or a cousin living across the seas in America. Sometimes, you may not even know this peer personally, but you've heard glowing accounts of their children's achievements, which weigh you down. Related or unrelated, anyone can become part of your peer circle.

**Why is Tackling Peer Pressure Important for Parents?**

As parents, we are our children's biggest motivators, cheerleaders, influencers, teachers—and all of these roles rolled into one. We choose to have these little wonders when we feel ready to welcome them into our lives. Yet, many of us have stepped into parenthood under peer pressure itself, while others have consciously chosen this role.

Yes, this pressure has pushed many Gen Alpha and Gen Z parents into having children simply because “everyone else” was doing it. Those who didn't often felt like they stuck out like a sore thumb. So whether you were ready or not, desirous of a child or not, you reproduced. The moment you became a parent out of pressure, you were already a victim of it. That is why recognizing when we are succumbing to unnecessary pressure is so important.

**What is Herd Mentality?**

During train rides or bus commutes, I often overhear parents discussing their children's academics:

- *“Oh, your child is three? Haven't you enrolled her in playschool yet?”*
- *“What? Your child isn't preparing for the JEE Mains exams?”*
- *“What's the point of earning so much if your child doesn't study abroad?”*

Such conversations open the floodgates for blindly following one another. Thousands of parents enroll their toddlers in playschools or activity classes out of fear of missing out. Lakhs rush to admit their children to coaching centers promising an IIT future. Another group sells gold, breaks fixed deposits, or borrows money to send their kids abroad for higher education.

**And why?**

Simply because everyone else is doing it. That is herd mentality. We are forcing ourselves—and our children—into shoes that do not fit us. Naturally, sores are bound to appear.

The intention of this article is not to frighten you. I only want to make you aware. Ask yourself a few honest questions to check whether your decisions are being influenced by your peers:

1. How often do I discuss my child's behavior or progress with peers?
2. Do I feel a pang of jealousy when I see a friend's child coping better than mine?
3. How frequently do I follow trends related to children's upbringing?
4. When was the last time I did something for my child simply because my heart told me to?
5. Do I feel constant pressure to keep up with a high-tech, modernized society?

In the next issue, I will share some simple solutions and suggestions. Until then, feel free to mail or message me your thoughts.

***

**Stay Healthy**

# INCREASING INCIDENTS OF HEART ATTACKS IN YOUNG AGE GROUP

**Dr. Jayantilal P. Khona (LECH)-Jakhau (Mulund)**
Mob. : 8779985316



- Sudden collapsing, sudden dropping from heart attack in young and middle age is increasing in Indian population, as per medical reports. About 25 to 50 age group are at target especially who have very strong family history of heart disease & sudden young death in family.
- Most common cause seen and co-related are sudden, vigorous, untrained, unaccustomed exercises and physical activities.
- Long, extreme running, severe sports, marathon races. (Cricket, rowing, jumping, swimming)
- Dancing at wedding, religious, any fun & enjoy thrill giving functions, dandiya ras & more
- Heavy lifting in gym. Pushing heavy objects, gardening, digging, shoveling, sit ups and down squats, standing for very long time.
- Climbing high altitude, walking downhills (tracking, hiking, tourism, work, mountaineering)

  THIS SUDDEN EXTREME ACTIVITES CAUSE REDUCTION OR STOPPAGE OF OXYGEN SUPPLY
- TO muscles: causing pain, soreness, inflammation, and decrease muscle function.
- TO BRAIN: causing brain damage & change in heart rate, decrease circulation in hand & feet, bluishness, fainting, confusion, decrease in thinking ,conscious level, fit( seizures),followed by irreversible BRAIN DEATH.
- TO HEART: it causes fat plaque buildup in the artery, which ruptures and enters the blood vessels forming a clot and sudden chocking and blockages in the arteries that supply blood and nutrition to the heart. Creating IRREGULAR HEART BEATS & CAUSE HEART ATTACK & CARDIAC ARREST& DEATH.
- PULMONARY EMBOLISM: dislodging of clot from lower vein and heart blood vessels & sudden death.
- SMOKING, UNKNOWN or UNCONTROLLED INCREASED BLOOD PRESSURE, BLOOD SUGAR, CHOLESTROL,SEDENTARY LIFE STYLE, WITH EXCESSIVE STRESS OF DAILY LIFE, AIR POLLUTION,LASTLY COVID DISEASE ARE ALL KNOWN as CONTRIBUTORY FACTORS TO THE ABOVE SITUATION.
- IT IS TO REMEMBER THAT BRAIN & HEART CONTINUOUSLY NEEDS GLUCOSE, OXYGEN, & OTHER NUTRIENTS FOR 24 HOURS THRO' BLOOD SUPPLY.
- ANY OBSTACLE OR SUDDEN STOPPAGE, BLOCKAGE IN THE BLOOD VESSEL CAN CAUSE SERIOUS LIFE THREATING PROBLEM ESPECIALLY SUDDEN DEATH.
- ALWAYS CONSULT DOCTOR/ PREFERABLY CARDIOLOGIST FOR CARDIO-PULMONARY FITNESS, BEFORE YOU JOIN ANY VIGOROUS EXERCISE, PHYSICAL ACTIVITIES PROGRAMMES TO SAVE YOU'RE YOUR PRECIOUS LIFE.

**Note to Advertisers**

Please send billing Name, Address and Contact Person Name & Mobile No for Advt. with matter.

After made payment of the Advt. send the payment transaction slip or pay slip with your name & contact No. For Accounting Process.

# સમાચાર

## દુબઈમાં સાંવત્સરિક સામાયિક



દુબઈમાં કદઓના ૮૦ થી ૧૦૦ પરિવારો વસવાટ કરે છે તેમના દ્વારા સામુહિક સાંવત્સરિક સામાયિક યોજાયું હતું.

## જય તથા ધમેન્દ્ર શાહને એવોર્ડ



શિહોર ખાતે ધી પેજેંટ ઈન્ડિયા દ્વારા આયોજિત મિસ્ટર મધ્યપ્રદેશ સીઝન - ૩ કોમ્પિટીશનમાં મિસ્ટર મધ્યપ્રદેશ એવોર્ડ જય શાહને તથા ફર્સ્ટ રનર અપ એવોર્ડ ધમેન્દ્ર શાહને મળ્યો હતો. વિશેષ બાબત એ છે કે ધમેન્દ્રભાઈ અને જય પિતા પુત્ર છે.

## શ્રીમતી ચારૂલ યોગેશ પટેલ પી.એચ.ડી. થયા



Smt. Charul Yogesh Patel Completed Ph.D in Commerce (Business Policy and Administration) from University of Mumbai on the topic of "An Analytical Study of Health Insurance among Working Women".

## જીવન સંધ્યા સુખાલય - ગદગ



શ્રીમતી એસ.આર. ધરમશી જીવન સંધ્યા સુખાલય - ગદગના ટ્રસ્ટીશ્રીઓ તથા રહેવાસી સભ્યોએ શેઠશ્રી નરશી નાથાની છબીને માલ્યાર્પણ કર્યું હતું. સુખાલય વતી તપસ્વીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

## મંદિરના નવીનીકરણની માહિતી અને સીધી રેલ સેવા માટે સહકારની અપીલ



પ્રણિમિત્ર રમેશ જાગીરદાર મેમોરિયલ ફાઉન્ડેશનના સ્થાપક મંત્રી અને ઓલ ઈન્ડિયા ઓલ્ડ ટેમ્પલ રિનોવેશન ટ્રસ્ટના ઉપાધ્યક્ષ રિધીશ જાગીરદાર, ટ્રસ્ટી ડો. સમતા, શ્રી કચ્છી મિત્ર મંડળ અને શ્રી ગુજરાતી પ્રગતિ સમાજ હૈદરાબાદના કાર્યકારી સભ્ય દિનેશ ગોસર કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોશીને મળ્યા હતા અને ઓલ ઈન્ડિયા ઓલ્ડ ટેમ્પલ રિનોવેશન ટ્રસ્ટ વિશે વિગતવાર માહિતી આપી હતી તથા હૈદરાબાદ/સિકંદરાબાદથી કચ્છ (ગાંધીધામ, ભુજ, નલિયા એરબેઝ) સુધી સીધી રેલ સેવા શરૂ કરવામાં સહયોગ માટે એક મેમોરેન્ડમ રજૂ કર્યું હતું.

## સખીવૃંદ - પુના



ઓગસ્ટ મહિનાની મિટીંગ રેવંતીબેન શિયાળના નિવાસ્થાને વિવિધ ગહુલી જેવા પારંપરિક વિષય પર યોજી હતી. ગહુલી શીખવાડવા માટે રેવંતીબેને, હિરલ મિથુન જીવાણીને આમંત્રિત કર્યા હતા. સૌ પ્રથમ તેમણે અલગ અલગ આકારની ગહુલી બનાવતા શીખવ્યું. અને અંતમાં મોટી ગહુલી બનાવતા પણ શીખવ્યું. રેવંતીબેન તથા હિરલબેનનો હર્ષાનાબેને આભાર વ્યક્ત કર્યો હતો.

## કાળધર્મ પામ્યા છે



શ્રી અચલગચ્છના શ્રી સંઘ સ્થવિરા પ્રવર્તિની મહત્તરા સાધ્વી મુખ્યા શ્રી ચંદ્રોદયાશ્રીજી મ.સા. તા. ૧.૯.૨૦૨૫ના પાલીતાણા મુકામે કાળધર્મ પામ્યા છે.

જય જય નંદા, જય જય ભદ્રા

CDO Prakash Samiksha R.N.I. No. MAHBIL/2020/79181 Date of Publication : 5th & 20th of every month
Postal Reg. No. MCN / 322 / 2024-2026 WPP Licence No. MR/Tech/WPP-352/North/2024-26
Posting : 8 / 9 & 23 / 24 of every month Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001

# પરમ વિરામ ૧૮-૦૯-૨૦૧૮

## પૂજ્ય માતુશ્રી જયવંતીબેન ખીમજી કરમશી લોડાયા ગામ મોટી ખાવડીના પાવન ચરણે અર્પણ સ્મરણ વંદના અમારી



આપના સંસ્મરણો નયન ભીંજવે અમારા,
સુની છે ઘરની દીવાલો, સુના છે દરવાજા.
એ મધુર મમતા ભર્યો સાદ સાંભળવા આતુર કાન.
નથી એ મીઠાશ, નથી લિજ્જત, તમ વીણ ભોજનમાં.
કોણ કહેશે એ વાર્તાઓ ! ને કોણ હિંચોળે અમને?
પૂછે છે પૌત્રો-પૌત્રીઓ, અમને, શું જવાબ દઈએ?
જીવંત છે અમારી રગોમાં, સંસ્કારો આપે દીધા,એ મૂડી અમારી.
આપનાં અમી આશિષ, એ જ છે અમારી મૂડી.
નિત્ય વિલખીયે, અશ્રુ સભર આંખે નિહાળી છબી આપની.
દેજો દર્શન આપનાં, સ્વપ્નમાં આવી અમારાં.
રહેશે સ્મરણો નિત્ય આપના, બની હૈયે ધબકારા.
મનને મનાવશું, સાથે છે માતા જયવંતીબેન અમારા.
શત કોટી છે પ્રણામ, આપને, અમો સંતાન આપના પ્યારાં

## લિ. આપનાં જીવન ઉધાનના પુષ્પો

પુત્ર-પુત્રવધુ : ગીરીશ-સંધ્યા, મહેશ-નૂતન, બંકિમ-રીટા, મુકેશ-ગીતા
પૌત્ર-પૌત્ર વધુ : પ્રિતેશ-શીખા, ઉર્વેશ-પાયલ, કુણાલ-હિનલ, પૌત્રી : ભક્તિ.
પૌત્રી-જમાઈ : કિંજલ-અજય ઉદય ખોના, દ્રષ્ટિ-અભિષેક પ્રશાંત ભાનુશાલી.
પ્રપૌત્ર : નિશ પ્રિતેશ, પ્રપૌત્રી : ત્વિશા પ્રિતેશ.

દિવંગત માતુશ્રી લીલબાઈ કરમશી વિરપાર લોડાયા પરિવાર (મોટી ખાવડી)
દિવંગત માતુશ્રી ચાંપબાઈ ટોકરશી પદમશી ધરમશી પરિવાર(નાની ખાવડી)

*If not delivered please return to :*

C/o. A/704, Remi Bizcourt, Shah Indl. Estate,
Off Veera Desai Road,
Andheri (W), Mumbai - 400 053.

Printed and Published by **HIRACHAND DAMJI DAND** on behalf of **SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI**, Printed at THE NEW MILLENIUM PRINTERS, 14-A, GROUND FLOOR, SITARAM MILL, PATRA SHED, SITARAM MILL COMPOUND, JACOB CIRCLE, LOWER PAREL, MUMBAI 400 013 and Published from SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI, A/704, REMI BIZCOURT, PLOT NO. 9, SHAH INDL. ESTATE, OFF VEERA DESAI ROAD, ANDHERI (WEST), MUMBAI 400 053. Editor: **HIRACHAND DAMJI DAND**